શૂરવીર છેલજરાર.

અને

સતી મુમનાની

રસીક વાર્તા.

સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર મંગળદાસ જોઈતારામ શાહ.
રીચીરોડ—અમદાવાદ.

પ્રત ૪૦૦૦ આવૃતી ૬ ઠ્ઠી.

સને ૧૯૨૮ સંવત ૧૯૮૫

અમદાવાદ પાનકોર નાકે: મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

કિમ્મત ૦-૧૨-૦

૧૪૮૫૭

મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ પ્રણિત

કલ્કિ ચરિત્ર.

હવે પછી થનારાં શ્રીવિષ્ણુ ભગવાનના દશમા

તેમજ સનાતન હિંદુ ... [illegible]
તેની એક પ્રત ખાસ ખરીદવાની આવશ્યકતા છે; વાકું પુઠું ગ્લેજ
અગળ કિંમત રૂ. ૩॥ પોસ્ટેજ માફ. મળવાનું ઠેકાણું—

મંગળદાસ જોઇતારામ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ.

શૂરવીર છેલ જરાર

અને

સતી મુમનાની

રસીક વારતા.

અવીચળ ગઢમાં અગમારીચી નામે રાજા રાજ્ય કરતો હતો, તેનાં તાબામાં ચૌદ પટાવત (ખંડીયા રાજા) હતા, તેમાં ચાર પટાવતના તાબામાં વીસ વીસ ગામ હતા, અને બાકીના પટાવતોના તાબામાં ચાલીસ ચાલીસ ગામ હતાં ચૌદ પટાવતોનું લશ્કર વીસ હજાર અને પોતાનું પંદર હજાર એકંદર પાત્રીસ હજાર લશ્કર કાયમ બેઠા પગાર ખાતું હતું. રાજ્યનું તમામ ખરચ કાઢતાં એક લાખ રૂપીઆ ત્રીજોરીમાં જમા થતા હતા અવીચળ ગઢને ચૌદ દરવાજા હરેક દરવાજે ધર્મશાળા અને એકેક કુવો અને તલાવ બંધાવેલા હતા. અઢારે વર્ણની વસ્તીથી ભરપુર ચોરાશી ચૌટા સોના, ચાંદી, હીરા માણેક કરીઆણાના મોટા મોટા વહેપારીઓ હમેશાં લાખો રૂપીઆની ઉથલપાથલ કરતા હતા. અવીચળગઢથી ત્રણ કોસ દુર બગીચો એવો સરસ બનાવ્યો હતો કે જેમાં દાડમ જમરૂખ, દ્રાક્ષ, સીતાફળ વગેરેનાં ઝાડ ગુલાબ, ચંપો જાઇ જુઇ વીગેરે સુગંધીદાર ફુલોથી ભરચક દેખાવ તેમજ સુંદર બેઠકો ઉપર બે ઘડી બેસવાથી

એવી લહેજત આપે છે કે ત્યાંથી ઉઠવાનું મન ન થાય. રાજા અગમારીચી ઇંદ્રભુવન જેવું સુખ ભોગવતો હતો, પણ પોતાની વૃદ્ધ ઉમ્મર થવા આવી છતાં પરમાત્માએ પુત્ર આપ્યો નહોતો.

કવાલી.

રાજ્ય વૈભવ સુનાં લાગે પુત્રના વીના;
પુત્રથી દીપે છે માનભુષણ સર્વના. રાજ્ય.
ક્ષણભંગુર દેહ છે ભરૂસો કંઇ નથી;
કાલ શું થનાર છે તે ના શકું નથી. રાજ્ય.
પ્રાણી માત્ર અલ્પાયુષી આ વાતમા;
ચેન ના પડે હવે આ ફાની જગતમાં. રાજ્ય.
હે પ્રભુ દયા કરી સંતાન આપજે;
પુર્વ જન્મ કેરાં પાપ સર્વ કાપજે. રાજ્ય.

ફક્ત આટલીજ ઉદાસીનતા રાજાના હૃદયપર રહેતી તે ઉદાસીનતા ટાળનાર પોતાને બે ભાણેજ હતા, તેમાં એકનું નામ છેલજરાર જે આપણી વાતનો નાયક અને બીજાનું નામ ઠેબો. આ બન્ને ભાણેજ પોતાની દેખરેખ નીચે ઉછરેલા તેથી છેલજરારનામાં શુરવીર અને બાહોશીપણું જોવાથી સેનાધિપતીની પદવી આપી અને ઘણોખરો રાજ્યકારભાર તેનેજ સોંપ્યો અને નાના ભાણેજને પોતાની હજુરમાં રાખ્યો.

છેલજરાર દરરોજ દરબાર ભરવાના વખતે સોળસે સામંતો (હાલમાં અંગરક્ષક કહે છે) સહીત દરબાર હમેશાં દરબારમાં આવતા મામાને રાજ્યના નીયમ પ્રમાણે ત્રણ સલામ ભરી પોતાની બેઠકે બેસતા. માળી હમેશાં ફુલની છાબ ભરી અનુક્રમે ફુલની છડીઓ આપતો માળીએ છેલજરારના હાથમાં ફુલની છડી આપી તેવીજ

છેલજરારે ભોંયપર નાંખી તે ઉપર પગ મુકી કચરી નાખી.આવી રીતે છેલજરાર હમેશાં કરતા હતા પણ આજે ફુલને કચરતાં મામાના જોવામાં આવ્યું એટલે છેલજરારને પુછ્યું. સેનાધિપતી તમે આ શું કર્યું ?

છેલજરાર– મહારાજા ખરા ક્ષત્રિયને છાજતું મેં કર્યું છે.

અગમારીચી રાજા—શું અમે ક્ષત્રી નથી ?

છેલજરાર—આપને બે અદબી લાગ્યું હોય તો માફ કરશો પણ માળી જે ફુલ આપે છે તે ફુલ ખરા ક્ષત્રીને સુંઘવા લાયક નથી તો રાજ્ય મુગટને લાયક ક્યાંથી હોય ? કારણ કે બત્રીસ પાંખડીનું ફુલ હોય તેજ ખરા ક્ષત્રિને સુંઘવા અને મુગટમાં રાખવા લાયક છે.

અગમારીચી રાજા—શું આ બત્રીસ પાંખડીનું ફુલ નથી ?

છેલજરાર—માળીને પુછવાથી ખાત્રી થશે.

માળી—ગરીબપરવર સેનાધિપતી કહે છે તે બરોબર છે કારણ કે ફુલને બત્રીસ પાંખડી થાય છે પણ આપણા બગીચામાં કોઇ જાનવર રાતે આવે છે તે ફુલની પાંખડીઓ ચરી જાય છે અને બીજું ઘણું નુકસાન કરે છે; હું ઘણી તપાસ રાખું છું પણ ખબર પડતી નથી કે ક્યાથી આવે છે અને ક્યાં જાય છે.

અગમારીચી—સેનાધિપતિ આજે આ બગીચાની દેખરેખ તમારે રાખવી, જે જનાવર આવે તે જીવતું પકડો અગર મારી નાંખો.

છેલજરાર—જેવી મહારાજાની આજ્ઞા.

છેલજરાર દરબારમાંથી ઉઠી પોતાને મહેલે આવી શુરવીરમાં શુરવીર પાંચસો ઘોડેસ્વાર સાથે લઇ બગીચા ફરતો ઘેરો ઘાલી ઉભા રહ્યા, એક ચકલું સરખું પણ અંદર પેસી શકે નહી તેવી રીતે પ્હેરો ભરે છે, બરોબર રાતના દશ વાગ્યા એટલે એટલામાં ફુંફાટા મારતો અગં આવ્યો એકદમ ઘોડેસ્વારોને કુદી બગીચામાં પડ્યો, છેલજરારે

નજરે જોયો અને પાંચસો ઘોડેસ્વાર ઉપર ગુસ્સે થઇ બોલ્યો, હજુ તમને ઉંઘ આવતી હોય બાયડી છોકરાં યાદ આવતાં હોય તેમને સુખેથી ચાલ્યા જવું, આ મૃગ ઘણોજ હુશિયાર અને બાહોશ છે માટે બગીચામાંથી ચારો ચરી મૃગ જે ઘોડેસ્વારને કુદી અગર નીચે થઇને જશે તેનેજ મૃગ પકડવો અગર મારવો તેને માથે આવી પડશે.

આ હકીકત મૃગે સાંભળી અને ચારો ચરવા માંડયો, બરોબર ચારો ચરી તળાવમાંથી પાણી પીધું પછી વિચાર કર્યો કે આજે જીવતા પહોંચીએ તેમ લાગતું નથી માટે મરવું તો શુરવીરના હાંથે એમ ધારી જ્યાં છેલજરાર ઘોડેસ્વાર થઇ ઉભો છે તેજ ઘોડા નીચે થઇને નીકળ્યો, છેલજરારે બરછીનો ઘા કર્યો તે નિષ્ફળ ગયો છેલજરારે તમામ ઘોડેસ્વારોને કહ્યું તમે સર્વે પાછા જાવ અને મામાને કહેજો કે ભાણેજ મૃગને મારીને આવશે, આગળ મૃગ અને પાછળ છેલ-જરાર; મૃગ છેલજરારની નજર ચુકાવતો ચાલ્યો જાય છે. આ મૃગ એવો ચાલાક છે કે છેલજરારને ઘડીભર શ્વાસ લેવા દેતો નથી ઘડીકમાં કોસનું અંતર પડી જાય, ઘડીકમાં લગોલગ આવી જાયછે, આવી રીતે બન્ને એક બીજાની હરીફાઇમાં એકી શ્વાસે ચાલ્યા જાયછે.

હંમેશના આવવાના ટાઇમ પ્રમાણે મૃગ નહી આવવાથી મૃગલી પોતાના સ્વામીની ખબર કાઢવા સામી આવી તેવામાં મૃગ શ્વાસોશ્વાસ લેતો સામો મળ્યો અને પાછળ ઘોડેસ્વાર જોઇ મૃગલી બોલી—

દુહો

સાંભળ સ્વામી માહરા, તું કેમ ડરે છે આવારજો;
સોળ વરસનો તે કુમારડો તે કેમ કરશે તારા કાળ જો.
મૃગ—હે સ્ત્રી મતી તારી પાનીયે, એ શુરવીર ક્ષત્રી કુમારજો;
શિકારે ચઢયો પાછો નહી ફરે, નક્કી એ છે મારો કાળ જો.

મારૂ મોત એના હાથથી, પણ તું કેમ આવી મરવા કાજજો
જીવતી જાને તારી મયુલીમાં, નહીતર રઝળશે નાના બાળજો
મ્રગલી—શુરવીર થઈને કાયર કેમ થયા: શું મારે એ કુમારજો.
પાંગોઠે પકડી નાંખીયે પૃથ્વીપર આપણે આણીયે તેનો કાળજો
મ્રગ—શુરવીર કુમાર રાજા તણો, વળી કઠણ હ્રદય એનુંજો.
શીકારે ચઢયો પાછો નહી ફરે; સ્ત્રી જાને તારે તું કામજો.

છેલજરારની નજરે મૃગલી પડી એટલે પોતે ખુશી થયો પણ પાછો વિચાર કર્યો કે શીકાર કરતાં બન્ને હાથથી ગયાં તો મામાને મોં બતાવવું મુશ્કેલ પડશે આવા વિચારથી ઘોડાને પુરપાટ મુકી દીધો.

મૃગ મૃગલીને આગળ કરીને એવા જોસથી દોડવા માંડયું કે છેલજરારને અઢી કોસનો અંતર પડી ગયો એટલે મૃગે મૃગલીને કહ્યું તું ઉભી રહે હું તળાવમાં પાણી પીને આપણે બે કોટ કુદી જઈએ. ખરો ક્ષત્રિ બચ્ચો હશે તો તારી ઉપર ઘા કરશે નહી અને મને પાણીની તરસ બહુ લાગી છે.

મ્રગલી—સ્વામીનાથ બેફીકરથી પાણી પીઓ હું અહીં ઉભીછું.

મ્રગ એકદમ તલાવડીમાં પડી પાણી પીવા માંડયું. છેલજરારે વીચાર કર્યો કોઇ નગરનો કીલ્લો દેખાય છે ને તે બન્ને કીલ્લામાં ભરાઇ પેઠા તો શીકાર જતો રહેશે એમ ધારી દીશા સાધી એવા જોરથી તીર ફેંકયું કે મ્રગલો વાંકો વળી પાણી પીતો હતો તેનેજ વાગ્યું. મ્રગ પાણીમાં પડી મરણ પામ્યો એટલે મ્રગલીએ પોતાના સ્વામીને મરણ પામેલો જોઇ છેલજરારને શ્રાપ આપ્યો.

મારા પતીને મારીને મારા વિયોગનું લીધું પાપજો,
પરણશે મામો તારી સ્ત્રીને એવો દઉછું તુજને શ્રાપજો

આ પ્રમાણે મૃગલી શ્રાપ આપી અને તે પોતાને રહેઠાણે આવી બચ્ચાને ગોદમાં લઇ બેઠી આંખમાં આંસુ ટપકતાં હતાં.

મૃગને મારનાર છેલજરારને આખી રાતનો ઉજાગરો અને ત્રીસ કોશની મજલ થવાથી તેજ તલાવની કીનારે આવી ઘોડા ઉપરથી ઉતરી ઘોડાને વડની લટકતી મુળીઓ બાંધી તેને પાસે ઘોડાની ગાદી નાંખી નીરાંતે સુતો.

કીલ્લેગઢમાં દાંડી પીટાવી.

રાજા સુર્યસીંહને બે કુંવરીઓ હતી મોટીનું નામ કસ્તુરબા અને નાનીનું નામ સુમના હતું અને એક કુંવર છે એનુ નામ રણજીતસીંહ પાડેલું છે પોતે વૃદ્ધ અવસ્થામાં અને એકનો એક કુંવર લાડપાડમાં ઉછરતો હોવાથી તેણે મૃગનું જોડું પાળ્યું હતું તે જોડું એક દેવનાઇ હતું કે જે મગ હંમેશા કીલ્લેગઢથી અવીચળગઢને ત્રીસ કોસનું અંતર હતું. ત્યાં હમેશાં ચારો ચરવા આવતો તે મૃગને આજે કિલ્લેગઢની પાદરમાં મારી સુર્યસીંહનો ગુનેગાર બની છેલજરાર નીર્ભયપણે તલાવની પાળે શાન્તિમય નિંદ્રામાં છે.

કુમાર રણજીતસીંહ મૃગની મયુલી આગળ મૃગ સાથે રમવા આવ્યો પણ મૃગને નહી દેખવાથી સોધ કરાવી પણ પત્તો લાગ્યો નહી જમવાનો ટાઇમ થયો રાજાએ કુંવરને જમવા માટે બોલાવ્યો. ત્યારે કુંવરે કહ્યું. મૃગનો પત્તો લાગશે ત્યારે હું જમીશ કુંવરનું બોલવું સાંભળી તરત રાજાએ કિલ્લેગઢમાં દેંડી પીટાવી “ આજે કુંવરનો પાળેલો મૃગ નાશી ગએલો છે તેને શોધી લાવશે અગર બાતમી આપશે તેને રાજ તરફથી ઇનામ આપવામાં આવશે. ”

દાંડી સાંભળી ઇનામ લેવાની લાલચે મૃગને શોધવા ઘણા માણુસો નીકળી પડયા એક માણુસ ફરતો ફરતો તળાવ ઉપર આવ્યો તો મૃગને તલાવમાં પાણી ઉપર મરેલો તરે છે અને એક ઘોડેસ્વારને સુતેલો જોયો એટલે તેણે મનથી વીચાર કર્યો કે આ માણુસે મને

તળાવમાં ફેંકેલો છે એમ ધારી એકદમ દરબારગઢમાં આવી રાજાને ખબર આપી, તરત રાજાએ માણસો મોકલ્યાં અને કહ્યું પહેલાં મૃગની તપાસ કરવી મુવેલો હોય તો સુતેલા માણસને મુશકેટાટ બાંધી પકડી લાવો. આવો રાજાનો હુકમ સાંભળી બસો સીપાઇઓ હથીઆર સહીત તલાવની પાળે આવી મ્રગની તપાસ કરી તો મ્રગ મરેલો એવી ખાત્રી કરીને તુરત સુતેલા માણસને ઘેરી લીધો. સુતેલા માણસનું કલેવર અને તેનું સ્વરૂપ જોઇને કોઇની હીંમત તેને ઉઠાડવાની કે નજીક જવાની ચાલી નહી પણ ઘોડો આ માણસોને જોઇ પોતાના ધણીને જગાડવા ખોંખારા-અને પગ પછાડવા માંડયા. એટલે છેલજરાર એકદમ જાગી ઉઠયા અને જોયું તો હથીયારબંધ સીપાઇયો સામા ઉભેલા જોઇ છેલજરારે કહ્યું અરે ભાઇયો તમારાં બૈરાં છોકરાંને રઝળતાં મુકવા શા માટે આવ્યા છો?

જમાદાર—તમે અમારા રાજાના ગુનેહગાર છો માટે તેમની હજુરમાં લઇ જવા માટે.

છેલજરાર—તમારા ગુનેગાર છું પણ તમારો ગુનેગાર નથી માટે તમે પાછા જઇ તમારા રાજાને મોકલો.

જમાદાર—શું અમે એવા નાલાયક છીએ. તે તમારા એકથી ડરી પાછા જઇશું?

છેલજરાર—ના તમે બહાદુર છો. માટે થઇ જાઓ તૈયાર, છેલજરાર તરત એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તમંચો ઝાલી ઉભા થયા કે તરત સીપાઇયો પાછા પગલે નાસવા લાગ્યા. પાંચ મીનીટમાં તો એક પણ સીપાઇ છેલજરાર સામો દેખાતો નથી. છેલજરાર નીર્ભયપણે હથીઆર ભોંય મેલી તલાવમાં જઇ હાથપગ મોં ધોઇ બીછાના ઉપર આવી રૂમાલથી મોં લુવે છે એવામાં રાજા સુર્યસિંહ ચઢી સ્વારીએ આવી છેલજરારને ઘેરી એકદમ ક્રોધથી છેલજરારને પુછ્યું તમે કોણ છો?

છેલજરાર-અવીચળગઢના રાજા મ્રધમારીચીનો ભાણેજ છેલજરાર

સુર્યસીંહ—અમારા પાળેલા મ્રગને તમે શા માટે માર્યો !

છેલજરાર-(મ્રગ સામે હાથ કરી) આ તમારો હોય તો તે મારો ચોર હતો.

સુયસીંહ—કેવી રીતે ?

છેલજરાર-અમારા બગીચામાં હમેશાં રાતે આવી ચારો ચરી જતો હતો. તે આજે પકડાયો. માટે મેં માર્યો.

સુર્યસીંહ—તેની શી ખાત્રી ?

છેલજહાર—ચમારને બોલાવી તેનું પેટ ચીરાવીને જુવો તાજા ફુલના ગોટા નીકળશે. અને તે પ્રમાણે ન નીકળે તો હું તમારો ગુનેગાર તમને યોગ્ય લાગે તેવી શીક્ષા ફરમાવો. ખમવા તઇયાર છું.

સુર્યસીંહે તરત ચમારને બોલાવી મ્રગનું પેટ ચીરાવ્યું તો છેલજરારના કહેવા પ્રમાણે ફુલના ગોટે ગોટા નીકળ્યા. સુર્યસીંહે આશ્ચર્ય ચકિત થઈ હ્રદય સાથે વિચાર કર્યો. કુંવર ઘણોજ હુંશિયાર અને ચાલાક છે વળી મ્રગમારીચી કે જેના તાબામાં ચઉદ પટાવત છે તેનો ભાણેજ સેનાધિપતી અને ધણી ખરી રાજની લગામ પણ તેના હાથમાં છે માટે સમજાવી મહેમાન તરીકે રાખી મોટી કુંવરી કસ્તુરબાને પરણાવી દેવી. આવો વીચાર ધારી છેલજરાને કહ્યું, તમે તલાવની પાળે મુકામ કરી બારોબાર જાઓ અને તમારા મામાને કહો કે હું કીલ્લેગઢ જઇ આવ્યો પણ ત્યાં રાજાએ આગતા સ્વાગતા કરી નહીં માટે અમારા મહેમાન બની અમારી સાથે ચાલો.

છેલજરાર—મારાથી ઝાઝા દીવસ રહેવાશે નહી.

સુર્યસીંહ—તમે ખુશીથી જેટલા દીવસ રહેશો તેટલાજ દીવસ રાખીશું.

છેલજરાર ઘોડા ઉપર સ્વાર થઇ સુર્યસિંહ સાથે દરબારગઢમાં

આવ્યો સુર્યસિંહે અલાયદો ઉતારો આપ્યો. પોતાના દીવાન અને રાણીની સલાહ લઇ જોસીને બોલાવી લગ્ન મુહુર્ત જોવરાવ્યું તો વૈશાખ સુદ ૩ (અખાત્રીજ) ના શુભ દીવસે મોટી ધામધુમથી છેલજરાર સાથે કસ્તુરબાના લગ્ન કર્યાં. સુર્યસીંહે એકાંત મહેલ આપ્યો તેમાં છેલજરારે મોજમજાહ અને સુખવિલાસમાં ત્રણ માસ કાઢયા એક દીવસ પોતાની માતુશ્રી અને મામા યાદ આવવાથી કસ્તુરબાનેકહે છે. હે પ્રીયા ? તમારા પીતાશ્રીને કહી કાલે અવીચળગઢ જવાની તઈયારી કરો.

કસ્તુરાં—સ્વામીનાથ આમ એકાએક તૈયાર !

છેલજરાર—તે તમારે પુછવાની જરૂર નથી, તમે નહી આવો તો કાલે હું અહિંઆ રહેવાનો નથી.માટે તમારા પિતાશ્રીને ખબરઆપો.

કસ્તુરાં—તેના માતા પિતા પાસે આવી કહેવા લાગી મારા સ્વામીનાથ કહે છે કે કાલે અવીચળ ગઢ જવાનું છે માટે આવવાની તૈયારી કરો.

સુર્યસીંહ—ભલે દીકરી મારાથી તેમની મરજી વિરૂદ્ધ રખાય તેમ નથી.

સુર્યસીંહ રાજાએ રાજ્ય રીવાજ પ્રમાણે તમામ સામગ્રી આપી અને કસ્તુરાંની તહેનાતમાં ભીખી નામની દાસીને મોકલી,

રાણી દાસીને કહે છે—

સાંભળ દાસી ભીખલી યાદ રાખજે મારી વાત જો;
કદી ચુકે દીકરી માહારી, સમજાવી લાવે એનું મનજો.

દીકરીને કહે છે—

સાંભળ દીકરી માહરી, ડાહી થાજે દીલ માંયજો:
લજાવીશ નહી તારી માતને, રાખજે બાપનો ભારજો.
પ્રભુ કૃપા તુજ ઉપરે, સ્વામી મળ્યો શુરવીર જો.
ચતુરાઇ કરજે ચાર ગણી, રાખજે ભીખલી પાસજો,

દાસી—નીમક ખાધું માજી આપનું, ભુલ નહી આવે લગારજો
ચીંતા તમે હવે પરહરો, રહીશ કસ્તુર પાસજો;

આ પ્રમાણે જમાઇ અને પુત્રીને શીખામણ આપી વીદાય કર્યા. અવીચળગઢની પાદરમાં આવી છેલજરારે મામાને ખબર આપી, મામાએ મોટી ધામધુમથી સામૈયું કર્યું, છેલજરારે દરેકને યોગ્યતા પ્રમાણે સરપાવ આપ્યો.

ચીતામાં મુમના.

ઝરૂખામાં ઉદાસી ચ્હેરે બેઠી છે એવામાં સામેથી એક બારોટ ઘોડી પર સ્વાર થઇ ધસમસ્યો આવે છે તેને જોઇને દાસીને કહ્યું જા પેલા બારોટને બોલાવી લાવ. મેડીએથી દાસી એકદમ નીચે આવી ઘોડીની લગામ ઝાલી ઉભો રાખ્યો.

બારોટ—અરે બાઇ તું ખસી જા ઘોડી ભડકશે તો તને વાગશે.

દાસી—તમને મારી બાઈ બોલાવે છે.

બારોટ ગભરાગો અને બોલ્યો, તમારી બાઇને કહો કે બારોટ બંધાણી છે અમલ ઉતરી ગયું તેથી ભાન રહ્યું નહી માટે માફ કરો. તરત ઘોડી ઉપરથી ઉતરી લગામ ઝાલી.

દાસી—મને એટલોજ હુકમ છે. ઘોડી ઉપર બેસી જે સ્વાર આવે છે તેને બોલાવી લાવો.

બારોટ—ભલે બાઇ ચાલ જેમ થવાનું હશે તેમ થશે.

આગળ દાસી પાછળ બારોટ બન્ને મહેલ આગળ ગયા. દાસીએ ઘોડીને બાંધી. મેડી ઉપર ચઢયા કુંવરીએ બેસવાનું આસન બતાવ્યું બારોટ બેઠા,

કુંવરી—બારોટજી કાંઇ હુંશીયાર અને પરાક્રમી રાજકુંવરનું વર્ણન કરો.

બારોટ—બહેન હાલમાં તો મોટી બહેન કસ્તુરાં આપી તે

છેલજરાર જેવો બાહોશ, અકલવાન અને શુરવીર રાજકુંવર બીજો મારા જોવામાં નથી, પ્રથમ બાપુએ ભુલ કરી છે છેલજરાર આપના લાયક હતા.

મુમના—બારોટજી આપતું કહેવું સત્ય છે. તે વખતે નગરજનો પણ વાતો કરતા હતા. દાસી લે આ બે સોના મ્હોર બારોટજીને આપ. દાસીએ સોના મ્હોર આપી કે તરત બારોટજી વીદાય થયા.

મુમના બારોટના ગયા પછી અનેક જાતના તરંગો પોતાના હૃદય સાથે કરવા લાગી, આખરે એકજ નિશ્ચયપર આવીને કાગળ લખવા બેઠી અને દાસીને જોસીને બોલાવવા મોકલી.

અવીચળ ગઢ રળીયામણું, તેમાં વસે છેલજરારજો,
ફીલ્લેગઢથી લખીતંગ દાસી મુમના નારજો.
મન વચન કાયાથી પરણુવા, ઇચ્છા થઇ મુજ મનજો,
માટે પધારી હસ્ત ગ્રહણ કરો, નહીતો થાશે દેહની ઘાતજો
જળ વીના માછલી ત્રફડે, તેમ ત્રફડું હું આયજો
આઠ દીવસમાં નહી આવો તો, જીવતી બળી મરૂં અગ્ની માંયજો.
છેવટે લખું સ્વામી આપને. નહી આવો પરણુવા નાથજો
તમ શીરે બ્રહ્મહત્યા ગૌહત્યા, વળી સ્ત્રી હત્યાનું પાપજો.
લી. દાસી મુમના

મુમના કાગળ લખી રહી ને દાસી જોશીને તેડીને આવી.
મુમના–જોશી તમે ભલે પધાર્યા, સાંભળો મારી વાતજો
કાગળ લઇ જલદી જાઓ તમે, અવીચળગઢની માયજો
છેલજરારને પત્ર આપીને, મારાં લગ્ન નક્કી કરી આવજો;
દીકર જોડી વીનતી કરૂં તમને, શુભ કામ કરી વ્હેલા પધારજો
સો સોના મ્હોરો આપું વાટ ખર્ચીની પછી આપીશ આ હારજો.
પત્ર પહોંચે છેલજરારને. જાય નહીં બીજાના હાથજો.

જોશી મહારાજ મેં તમને ફકત આ વાટ ખર્ચી આપી છે પણ શુભ કામ કરી આવશો ત્યારે ઇનામમાં આ નવલખો હાર આપીશ.

જોશી—બ્હેન પરમાત્માની કૃપાથી શુભ કામ કરીને આવીશ હું રજા માગુ છું.

સુમના—પધારો જોશીબાવા.

જોશી બીજે દીવસે પરભાતે ખભે ઝોળી ભરાવી અવીચળગઢને રસ્તે રવાના થયા.

પીતાનો આશીર્વાદ

આજે સુમના માતાના એકાંતવાસમાં પોતાની વાત જાણવા માટે જઇને માતા સનમુખ ઉદાસી ચ્હેરે બેઠી એટલે તેની માતાએ પુછ્યું.

દીકરી દેખાય તું ઉદાસમાં, ને શરીર સુકાયું ત્હારૂં જો,
માતા કહેવાય મનની વાતડી, ચેતાવું તારો તાતજો;
સુમના–હું માજી ઉદાસમાં, ઉમર લાયક થઇ તમ બાળ જો;
વેવીશાળ હજી તમે નવ કરો; એ છે દુખની વાત જો,
સુમનાની માતા–સાચું કહ્યું તેં દીકરી, અમે કરીએ રાત દીવસ વીચારજો;
રાજકુંવર જોયા ઘણા, તુજ લાયક નથી ભરથાર જો.
સુમના–શું અજબ થયો, આપની પરે, મુજ લાયક ન જડે ભરથાર જો;
જોતાં જોતાં મળી આવશે, મેળવનાર કીરતાર જો.

રાજા એક બાજુ ઉપર ઉભો રહી મા દીકરીની વાર્તા સાંભળીને કહ્યું.

દીકરી ચીંતા નવ કરીએ, તમ માથે અમ બેઠાં જો;
રાત્રે નીંદ્રા નથી આવતી, શોધતા તમ ભરથાર જો.
સુમના—માતા પિતા ક્ષમા આપજો, વણ પુછે કર્યું એક કામ જો;
જોશી સાથે પત્ર મોકલ્યો, અવીચળ ગઢની માંય જો;
છેલજરાર પરણવા આવશે, દીવસ આઠમાં આંય જો.

લગ્ન સામગ્રી તૈયાર કરાવો, બેકર જોડી કહે તમ બાળ જો;
ધન્ય ધન્ય પુત્રી મુમના, તેં સારૂં કીધું કામ જો
બંને બહેનો એક રાજમાં ભરથાર છેલજરાર જો,

હે મુમના તે અક્કલ સારી દોડાવી છેલજરાર જેવો પરાક્રમી રાજકુંવર બીજો કંઇ જોવામાં આવતો નથી માટે તમે બંને બહેનો સુખી થાવો મારો આશીર્વાદ છે,

મશ્કરાની મશ્કરીમાં.

કસ્તુરાનું કાવતરૂં પહેલુ.

જોશી મહારાજ મુમનાનો કાગળ લઇ અવીચળગઢમાં છેલજરારના મહેલે આવી પહોંચ્યા સીપાઇએ રોકયા. જોશીએ કહ્યુ કે કીલેગઢથી કસ્તુરબાના પીયરથી આવ્યો છું ભીખીએ સાદ સાંભળી બહાર આવીને જોશીને બોલાવ્યા જોશી મહેલમાં ગયા કસ્તુરાએ માતાપીતાના સમાચાર પુછ્યા અને આવવાનુ કારણ પુછ્યું.

જોશી—છેલજરારને કાગળ આપવાનો છે.

કસ્તુરાં—ફુલખોરા અને ફીતુરી લોકો વધી ગયા છે તેમને પકડી બંદોબસ્ત કરવાં ગયા છે.

જોશી—ક્યારે આવશે. ?

કસ્તુરા—એ નક્કી કહી શકાય નહી પણ રાતે તો નક્કી આવવા જોઇએ.

દાસી—જોશીબાવાને રસોઇની સામગરી આપી જોશીએ ઝોળી ખીંટીએ ભરાવી સ્નાન પાઠ પુજા કરી કંસાર અને શાક બનાવી જમ્યા પછી અવીચળગઢમાં ફરવા નીકળ્યા તંબોળીની દુકાન આગળ ચાર પાંચ નવરા બેઠેલા ગામ ગપાટા મારતા હતા ત્યાં જોશી મહારાજે આવી તંબોળી પાસે ખાવાની તમાકુ માગી જોશી પરદેશી છે એમ ધારી એક જણે પુછ્યું મહારાજ ક્યાં રહેવું ?

જોશી—કીલ્લેગઢમાં રહેવું અને અને સેનાધીપતી છેલજરારના ત્યાં આવ્યો.

બીજો જણ—બસ્સે તમે હેમખેમ રહ્યા છો.

જોશી તમે એમ કેમ બોલો છો ?

ત્રીજો જણ—અમારા રાજા અને સેનાધીપતીને તકરાર થઇ છે માટે સેનાધીપતી રીસાઇ ચાલ્યા ગયા છે અને રાજાએ એવો હુકમ બહાર પાડયો છે કે પરદેશી અગર ગામનો કોઇ માણસ તેને મહેલે જશે તેને પકડી અંધારી કોટડીમાં પુરી દેવામાં આવશે.

જોશી—મેં ત્યા આગળ રસોઇ બનાવી જમીને ફરવા નીકળ્યો છું

ચોથો જણ—તમારાં બાયડી છોકરાને પુણ્યે બચી ગયા લાગો છો હવે પાછા ત્યાં જશો ત્યારે ખબર પડશે.

પાંચમો જણ—મહારાજ તમે અહીથી જાઓ તમારી સાથે વાત કરતાં રાજ્યના માણુસના જાણુવામાં આવે તો અમે સપડાઇ જઇએ વળી તમે રાજાના દુશ્મનને ત્યાં આવ્યા છો ! અમારે તમારી પાસેથી પાંચ દોકડા લેવા છે ખોટું કહીએ તમારી ધ્યાન પહોંચે તેમ કરો અમારી પાસેથી મહેરબાની કરી ચાલ્યા જાઓ.

જોશી ગભરાયા પગ પાણીપાણી થયા ચાલવાની શક્તિ પણુ રહી નહી એક ખાંડી ઓટલા ઉપર બેસી વીચાર કરવા માંડયો કસ્તુરાનું બોલવું ચોકસ નહોતુ વળી આ લોકો જુઠુ શા માટે બોલે માટે અહીથી બે કોશ જઇને રાત રહેવુ આવો વિચાર કરી મહારાજે અવીચળગઢ છોડયું.

રાતના નવ વાગ્યા જોશિ આવ્યા નહી એટલે કસ્તુરાંએ જોશીની ઝોળી ફેદાવી લો મહીથી કાગળ નીકળ્યો કસ્તુરાંએ વાંચ્યો અને બોલી ઉઠી શું ! નાની બહેન શોકય થવા આવે છે શું જગતમાં બીજો ધણી ન મળ્યો તે આ ધણીને પસંદ કર્યો શું આ કામમાં માબાપ

સંમતી આપે કદી નહી. અને છાનો કાગળ લખ્યો જણાય છે પણ હું ખરી કે એને સાઠ વરસનો બુઢો પરણાવું મુમનાના નામનો બનાવટી કાગળ લખી દાસીને કહ્યું લે આ કાગળ મામાજીને આપીને કહેવું કે મારી બાઇએ કહાવ્યું છે. મુમનાએ આઠ દીવસમાં તમારી સાથે પરણવાનું નેમ લીધું છે માટે જલદીથી તઇયારીઓ કરી ત્યાં પહોંચવું જોઇએ નહીતો તે અપઘાત કરસે તો સ્ત્રી હત્યા લાગશે.

ભીખી—આ કાગળ આપવા હું નહી જાઉ.

રાણી કસ્તુરા કારણ.

ભીખી—હજુ તમારા બાપનું અનાજ મારા પેટમાં છે. શું મુમના સાઠ વરસના બુઢાને અપાવવા હું સામેલ થાઉ ઉંટની કોટે બકરૂ કદી શોભે આવું અઘટીત કામ મારા હાથે થાય ?

રાણી કસ્તુરા—હું તમને મ્હોટું ઇનામ આપીશ.

ભીખી—મારે ઇનામ ન જોઇએ પરમાત્મા પેટ પુરતું ખાવા આપશે એમાંજ આનંદ માનીશ.

રાણી કસ્તુરાં—મારૂં કામ નહી કરે તો રજા આપીશ.

ભીખી—રજા આપો તો મોટી મહેરબાની મજુરી કરી પેટ ભરીસ અને પેટ નહીં ભરાય તો આપઘાત કરીશ પણ અઘટીત કામ કદી નહીં કરૂં.

કસ્તુરાંએ જાણ્યું દાસી આ કામ કરશે નહી અને સ્વામીનાથ આવશે ત્યારે તમામ વાત કહી દેશે તેજ વખતે મોત અગર દેશવટો બેમાથી એક દશે માટે આ વાત ઉડાવી દાસી ઉપર પ્રેમ બતાવવો. આવા વીચારથી દાસીને કહ્યું. ધન્ય છે દાસી તને ધન્ય છે ! મેં જાણ્યું ઇનામની લાલચે અગર મર્ણના ભયથી ડરીને કામ કરવા કા પાડીશું પણ તારા જેવી નીમકહલાલ દાસી મને મળવી મુશ્કેલ છે

માટે કદી તને મારી પાસેથી કાઢીશ નહી શું. હું મ્હારી બ્હેનનુ બુરૂ ચાહુ ખરી. લે આ કાગળ ફાડી નાખુ છું. દાસીના દેખતાં કાગળ ફાડી નાંખ્યો. વળી દાસીને કહ્યું બ્હેન આપણે બાળપણમાં સાથે બેસીને જમ્યાં છીએ માટે આજે આપણે સાથે બેસીને જમીએ, એમ કહી બન્ને જમ્યાં.

કસ્તુરાં—સાંભળ દાસી ભીખલી. તું મારી નાની બેન જો.

સાથે સુઇએ છત્રપલંગમાં, સ્વામી વીણુ ન જાયે રેનજો,
એકલડાં નીદ્રા આવે નહી, ખુટે તમારી રાતજો;
બન્ને બ્હેનો સુઇએ સાથમાં કરીએ સુખદુ:ખની વાતજો,

ભીખી—બાઇ આપનું કહેવું સત્ય છે પણ ? મારાથી છત્રપલંગમાં કેમ સુવાય ? કદાચ સ્વામીનાથ ઓચીંતા પધારે તો મને માર મારે. વળી આપને ઠપકો આપે. અને સ્વામીનાથ આવે ત્યારે ખબર કોણ રાખી બારણું ઉઘાડે માટે તમો સમજુ છો,

વાંચનાર ગૃહસ્થો યાદ રાખજો કસ્તુરાંની ધારણા એવી હતી કે ભીખી દાશીને પાસે સુવાડી રાત્રે મારી નાખવાની હતી પણ ચાલાક દાસી સપાટામાં આવી નહી. દાસી પોતાની સુવાની જગાએ આવી સુતી બનેલી વાતના વીચારો કરતાં નીંદ્રાને આધીન થઇ. છેલજરાર મધરાત્રે ગામની પાદરે આવ્યો ને હૃદય ઉપર ધ્રાસકો પડયો. ડાબી આંખ ફરકવા લાગી એટલે છેલ ખમચાયો અને વીચાર કર્યો કોઇ દાવસ નહી ને આજે આ શું ? નકી મહેલમાં કાંઇક નવા જુની હોવી જોઇએ, માટે ચુપકીથી જવું જોઇએ દાસી ઘણી ચતુર અને ચાલાક છે એટલે ચીંતા જેવું તો નથી તેથી પોતાની સાથેના માણસોને વીદાય કર્યા અને પોતે એકલો ચુપકીથી મહેલે આવ્યો,

ખરા ક્ષત્રીનુ બીજ હોય તો આવું ખુન ન કરે.

જીણી બતી બળે છે. દાસી ભરનીંદ્રામાં છે. કસ્તુરાં ચળકતી તલવાર હાથમાં ઝાલી રાક્ષણી માફક મેડીએથી ઝપાટાબંધ નીચે ઉતરી જ્યાં દાસી સુતી છે ત્યાં આવી જેવો ઘા કરવા જાય છે તેવોજ ગેબી અવાજ થયો. સબુર ! સબુર ! સાહસ ન કરો ! અરે આ શું ! બસ મારો હાથ ખમચાયો તેની ભ્રમણા.

ધીકધીક ક્ષત્રાંણી તારી જાતને; ફટફટ તારો અવતારજો;
ક્ષત્રીની દીકરી આવું નવ કરે, ન મારે ઉગતી નારજો.
પિતા તારો સુર્યસીંહ નહી; કાંતો માતા ખત્રાસણ જાણજો
અસલ ક્ષત્રીબીજ તારૂં નહિ હશે; નહીતો નવ લે દાસીના પ્રાણજો.

આથી વધારે ચમકી ઉંચું જોયું નીચું જોયું આજુબાજુ જોયું કોઇની મગદુર નથી કે છેલજરારના મહેલે આવી શકે; ત્યારે શું? આકાશવાણી ! કે પાતાળ વાણી ! અરે જીવ શા માટે ડરે છે. જે કામ કરવું તે કરવુંજ એમ બબડી જેવો તલવારનો ઘા કરવા જાય છે તેવોજ ગેબી અવાજ.

ખરા ક્ષત્રીનુ બીજ હોય તો આવું ખુન ન કરે ?
ખરૂં ક્ષત્ર્યબીજ હોય તો; મનમાં હલકા ન લાવે વીચાર જો;
સ્ત્રી ચાકર ત્રીજુ કુતરૂ, ન કરે ક્ષત્રી શીકાર જો.

એકદમ તરવાર પાછી ખેંચી બોલી ઉઠી ખરેખર ચોઘડીયું બદલાયું. હવે દાસીનું ખુન કરીશ તો તેનો જીવ જશે ને હું સપડાઇશ માટે આગળ ઉપર જોઇ લેવાશે. એકદમ મેડી ઉપેર ચઢી ચઢતાં પગ કાબુમાં રહ્યો નહી તેના ધબકારાથી દાસી ચમકીને જાગી દાસીએ

જાણ્યું છેલજરાર આવ્યા એમધારી બારણું ઉઘાડયું તો છેલજરારને ઉભેલા જોયા. બંધુ પધારો !

છેલજરાર–સાંભળ દાસી બીખલી. ધીમી બોલ સાંભળશે તારી બાઇજો;
કસુર શી કીધી કસ્તુરા તણી; પ્રાણ લેવા આવીતી આયજો.
બીખી દાસી—શુરવીર બંધુ છેલજરારજી, વાટ જુએ છે મારી બાઇ જો.
આપ વીના નીંદ્રા નથી આવતી હજુ જાગે છે મારી બાઇ.
બંધુ પધારો મેડીએ, ઉદાસી મટાડો મારી બાઇ જો,
હાસ્ય વિનોદ તમે તેની સાથે કરો તો મનડુ થંડુ થાય જો.
છેલજરાર—સાંભળ દાસી બીખલી આડી અવળી ન કર વાત જો.
શી કસુર કીધી કસ્તુરા તણી મારવા આવી મધરાતજો.
સાચુ બોલ તું બીખલી મને અગ્ની પ્રગટયો અંગમાય જો;
છેદુ શીશ કસ્તુરા તણું એવું મારા મનમાં થાય જો,
બીખી દાસી–ધીરજ ધરો બંધુ માહરા, તમે ક્ષત્રી સીંહ બાળ જો;
બીન કસુરે કસ્તુરાં ઉપડે કેમ ઉઠાવો છો જાળ જો;
નથી ગડબડ દરબારમાં ધીરજ રાખો મનમાંય જો
પ્રીતે પધારો બંધુ મેડીરે, હમણા પડશે સ્વાર જો.
મેં કસુર કીધી નથી કસ્તુરા તણી. હું શું જણાવું વિચાર જો
બે હાથ જોડી વીનતી કરૂં તમે પધારો મહેલ મોઝારજો,

કસ્તુરાને ઉંઘ નહી આવવાથી દાસીને કહે છે કે—

સાંભળ દાસી બીખલી હજુ કેમ ન આવ્યા સ્વામીનાથ જો
છત્રપલંગ મેં તો સજ કર્યા, વળી ફુલડાં કરમાઇ જાય જો–
બીખી દાસી—ધીરજ રાખો બાઇ મન વીશે
હળવે હળવે સજો શણુગાર જો;

છેલ ગયા છે દરબારમાં, હમણાં આવશે મહેલ મોઝાર જો.
છેલજરાર–ચડયો કાળ દાસી મુને અતિ ઘણો, હું કયાં સમાવું ઝાળજો,
સાચું કહેતું ભીખલી નહી તો, મરૂ પેટ મારી કટાર જો.

આટલું બોલી કમરમાંથી તરત કટાર ખેંચી દાસીએ તરત કાંડુ પકડી લીધું.

સબુર સબુર ભાઇ માહરા, ધીરજ ધરો મનમાંય જો;
વચન આપો બાપ દાદા તણું, તો ખરી વાત કહું આજ જો,
છેલજરાર–લે લે વચન તું માહરૂં, આપું છું આ વાર જો,
સાચી વાત કહે મુજને; જે માગે તે આપવા તઇયાર જો.

હે દાસી લે તને મારા બાપ દાદાનુ વચન આપું છું. જે વખતે તું માગીશ તે આપીશ, સાચી વાત જે હોય તે કહી દે.

દાસીએ મુમનાના કાગળની અને કસ્તુરાએ મામાના નામનો બનાવટી કાગળ બનાવ્યો તે તમામ વાત કહી દીધી.

આ સીવાય બીજું કાંઇ જાણું નહી, મેં સઘળો કીધો વીચારજો;
વચમાં માગું એટલું, ન મારવી કસ્તુરાં નારજો.
છેલજરાર–અરે દાસી તેં આ શું કર્યું, વચમાં બાંધીયો આવારજો,
મુજને મારવા દે કસ્તુરાં નારને, જાય કાંટો દરબાર જો
હસ્તી ઘોડા પાલખી, વળી માગ્યા અડધું રાજજો,
આપુ રૂપીઆ રોકડા, મારવાદે કસ્તુરાં આજજો,
બીજી દાસી–હસ્તી ઘોડાને પાલખી ન જોઇએ મારે કાંયજો;
આપ્યું વચન પાળો તમો, એજ દીલ ચ્હાય જો,
શુરવીર બંધુ છો, માહરા, અસલ ક્ષત્રી કુમારજો;
આપી વચન ફરશો તમે તો, ધરતી ન ઝીલે ભારજો,
અગ્ની સમાવો સૌ અંગમાં, શીતળ રાખો મનજો;

પ્રીતે પધારો મેડીએ, મારી બાઇ સાથે કરો અમૃત વચનજો,
પણ વીશ્વાસ ન કરશો એ નારનો, સુતું નહી તેની સંગજો;
નહીં તો કુલટાં કસ્તુરાં, કાંઇક કરશે વિઘનજો.
છેલજરાર–શાબાસ દાસી તુજને, તારી ખાનદાની આજ જાણીજો;
મારવા આવી તુજને, તેને બચાવે છે દયા દીલ આણીજો,
કાંટો કાઢત મારા અંગનો, સુખ થાત મારા શરીર જો,
તું ચીંતા રાખીશ મારા હૃદય વીશે, કો દી નડશે એ નારજો.
બીજી દાસી–ધીરજ ધરો હૃદય વીશે, આનંદ કરો મેડી મોઝારજો;
લખ્યું હશે જે, લલાટમાં, તે કરનાર છે કીરતારજો,

પતીનું ખુન કરતાં દાસી બચાવે છે.

દાસીના કહેવાથી છેલજરાર તરત મેડી પર ચડી કપડાં ઉતારી છત્રપલંગ ઉપર સુતા કસ્તુરાં પચરંગી કરતાં છેલજરારને પુછ્યું સ્વામીનાથ આટલી મોડીરાત કયાં ગાળી ?

છેલજરાર—પ્રીયા આજે આખો દીવસ રખડપટીમાં જવાથી પરીશ્રમ લાગ્યો હતો પછી મેં વીચાર કર્યો કે બે ઘડી વીશ્રાંતી લેવી એમ ધારી લગાર સુતો તેમાં નીદ્રા આવી સાથીઓએ કોઇએ જગાડયો નહી મારી મેળે જાગ્યો ત્યારે જાણ્યું રાત વધારે ગઇ છે પણ પ્રાણથી અધીક પ્રીયા જળ વીના માછલી તરફડે છે તેમ તરફડીયા મારતી હશે માટે એક ઘડી નહી રોકાતાં ઘોડા ઉપર સ્વાર થઇ અહી આવીને ઉભો રહયો છું.

કસ્તુરાં—સ્વામીનાથ ? જેવી મારી ચાહના તેવી તમારી હોય તેમાં નવાઇ શી ?

છેલજરાર—વ્હાલી તમારી વાત સાચી છે. (' આ રંડા તો જાણુતી હશે કે મારૂં કાવતરૂં જાણુતા નહી હોય માટે આ વખત સારો છે એમ ધારી યુકતી બંધ વાત કરવા માંડી."

સાંભળ પ્રીયા માહરી પતિવ્રતા અતિ નીંદ્રા આવી વગડા માંયજો
તે વખતે સ્વપ્નું એક આવીયું. તે કહું છું વીસ્તારીને આંયજો.
પત્ર લઇ એક આવીયો, તારે પીયરથી જોશી મહારાજજો,
મુમનાએ લખીયો પત્ર એવું સ્વપ્નામાં દીઠું આજજો,
પત્ર તમે તે વાંચીઓ તે ઉઠી પેટમાં ઝાળ જો
પત્ર બનાવીયો બનાવટી, મોકલવા મામાને દરબારજો,
પત્ર આપવા હુકમ કર્યો દાસીને તે વારજો,
નીમકહલાલ દાસી થઇ દેવા ન થઇ મામા કેરે દરબારજો
પણ લાલચ આપી તમે ઘણી પણ માની નહી તે વારજો.
માથુ કાપવા છેવટે તમે હાથમાં લીધી તરવાર જો,
સ્વપ્નાને સાચુ નથી માનતો, એ સઘળુ આળપંપાળજો.
રાજા રંક બને સ્વપ્નામાં રંક રાજા સ્વપ્નામાં ધારજો,
સ્વપ્નામાં સ્વાદીષ્ટ ભોજન, જમીએ પ્રીતથી અપારજો,
આંખ ઉઘડી કાંઇ ન દીઠું લાગી ભુખની ઝાળજો,
માટે સાંભળ સુંદરી, કાંઇ મનમાં ન કરવો વીચારજો,
સ્વપ્નું જુઠુ ન જાણુવું મેં કહ્યું સ્વપ્નું વીસ્તારજો.

કસ્તુરાં—સ્વામીનાથ આવા ખોટા આળપંપાળ છોડી સુખેથી પોઢો સ્વપ્નુ છે તે એક જાતની ભ્રમણા છે.

(ગજબ થયો એકે દાસી જાણુતી હતી પણ સ્વામીનાથ જાણુતા લાગે છે હવે ઉંઘે તો બન્નેનાં માથાં કાંપી દફન કરી દઉં') કહેવત

છે કે આત્મા સો પરમાત્મા જેવો કસ્તુરાંના હૃદયમાં વીચાર થયો કે તરત પરમાત્માએ છેલજરારને ખબર આપી.

છેલજરાર—પ્રીયા આજે મારા શરીરને ચેન પડતું નથી માટે મારે એકાંતમાં સુવાનો વીચાર થયો છે માટે દાસીને બોલાવી કહે કે મેડી ઉપર પથારી કરે.

કસ્તુરાં—સ્વામીનાથ આ શું બોલો છો! જળ વીના માછલી રહી શકે, સમુદ્ર મર્યાદા મુકે પુર્વમાં ઉગતો સુર્ય પશ્ચિમમાં ઉગે નેવાના પાણી મોભે કદી ન ચઢે માટે હે સ્વામીનાથ સ્ત્રી પુરૂષ જુદા સુવેજ નહી દાશીને બોલાવે છે.

મેડીએ આવ દાસી ભીખલી, તું સ્વામીનાથને સમજાવજો
નાર નારી જુદાં સુવે નહી ને એ સુવા કરે છે વીચારજો
તારામાં ડહાપણ અતી ધણુ વળી ગુણીયલ છુ મારી દાસજો,
સ્વામીને સમજાવીને સુવાડ મારી પાસજો

દાસી—શુરવીર છેલજરારજી, તમે છો ક્ષત્રીના કુમારજો,
સ્ત્રી પુરૂષ જુદા સુવે નહી તમે કેમ કરોછો ખોટા વીચારજો
છેલજરાર—ગડબડ છોડી દે ગાંડી ભીખલી તારો ચાકરનો અવતાર
તું શું સમજે રાજ રીતમાં વળી અમારા વીચારજો
આજે એકાંત સુવું મને ગમે નથી જીવને કરારજો
તારી બાઇને સમજાવ તું માને મારો વીચારજો

દાસી કસ્તુરાંને કહે છે હે બ્હેન તમે પતિવ્રતા છો માટે પતિની આજ્ઞા માનવી એ તમારી ફરજ છે આજે એકાંતમાં સુવે તો કાલે આપની સાથે સુવે માટે તમારે તેમના કહેવા પ્રમાણે કરા પાડવી જોઇએ.

છેલજરાર તરત છત્રપલંગ ઉપરથી ઉઠી મેડી ઉપર દાસીને તેડીને ગયા પોતે સુતા અને દાસીને કહ્યું કે તલવાર ઝાલી દાદરા પર બેસજે; છેલજરારના હુકમ પ્રમાણે દાસી સજ થઇ બેઠી.

કસ્તુરાંએ વિચાર કર્યો હવે બન્ને ઉંઘતાં હશે એમ ધારી તલવાર લઇ પોતે મેડી ઉપર ચઢવા માંડયું. દાસીએ જાણ્યું; આ કુલ્ટા મને અને એના સ્વામીને ચોકકસ મારસે માટે હે પરમાત્મા! મને એવી બુધ્ધી સુજાડ કે મારો અને જેનો પહેરો ભરૂં છું તે બન્નેનો બચાવ થાય. હે પરમકૃપાળુ પરમાત્મા મારી વ્હારે આવ, એમ કહી તરત દાદરો ઉઘાડયો. કસ્તુરાં ઉપર જઇ દાસી સામી ઉભી રહી.

દાસી—ભલે બ્હેન પધારીયાં, હું થઇ રાજી મનમાંય જો;

કરે ધાર્યું આપનું, મારી દાઝ ઓલવાયજો.
ભુલ કરી મેં આપની, કાગળ ન લઇ ગઇ દરબારજો;
માહરાં હાડકાં ભાગ્યાં આ સમે. છે મુરખના સરદારજો;

કસ્તુરાં—કેમ દાસી બીખલી, કેમ કરે પસ્તાવો આવજો;
મારૂં કહ્યું માન્યું નહી. તે વખતે થઇ મરવા તૈયારજો;

દાસી—પ્રથમ મેં તમને કહી દીધું, ધાર્યું કરો તમારૂં કામજો.
તમારૂ ધાર્યું થશે નહી તો, વળી મારસે બન્નેને ઠારજો.

કસ્તુરાં સમજી કે દાસીની સંમતી છે. માટે વીલંબ શા માટે કરવો જોઇએ એમ ધારી છેલજરાર પર એકદમ ધસી (દાસી કહે છે કે પ્રભુ આ રંડા હમણાંજ યમદ્વાર પહોંચાડી દેસે.)

દાસી—સબુર સબુર બ્હેન માહારી, ધીરજ ધરો થોડીવારજો;
કહુ તમને એક વાતડી, મુજ મન આવ્યો વીચારજો.

હે બાઇ શાસ્ત્રમાં લખેલું છે કે પતિવ્રતા સ્ત્રી પોતાના હાથે પતિનું ખુન કરે તો પતિવ્રતાપણું નષ્ટ થાય માટે

બીજાના હાથમાં તરવાર આપી કપાવો પતિનું શીર જો.
પતિવ્રતાને બાદ ન આવે. મેં કહ્યા મારા વીચારજો.
કસ્તુરાં—ધન્ય દાસી મારી બીખલી, આવે તારે હાથ તરવારજો;
રજા આપુ છુ તુજને, મારી નાખ છેલજરારજો.
દાસી—મારો ભરૂસો આવે આપને, તો હું કામ કરવા તૈયાર છું;
શીશ કાપુ મારા હાથથી, લાવો તમે તરવારજો.
નીચે પધારો બાઇ તમે, સુખે સુવો નીરાતજો
માથુ કાપી પતિનું, આપીશ તમને પરભાતજો.

છેલજરાર ઉંઘતો નથી જાગે છે, પણ દાસીને વચન આપ્યું છે માટે સુતો સુતો સાંભળે છે. મને બચાવ્યો પણ સવારમાં મને જીવતા જોસે ત્યારે દાસીની શીવલે થસે આવા વિચારો કરતાં નીદ્રાંને આધીન થયો. દાસીને કસ્તુરા તરવાર આપી ચાલી ગઇ. દાસી બે હાથમાં તરવાર ઝાલી છેલજરારની ચોકી કરે છે.

કસ્તુરાં નીચે આવી મુમનાના નામનો બનાવટી કાગળ લખી મેધા નામના નોકરને બેલાવીને કહ્યું, આ કાગળ દી ઉગતા પહેલાં મામાંજીને આપજે અને કેજે જે કસ્તુરાંએ જુહાર કહ્યા છે ને આ કાગળ વાંચી આઠ દીવસ મારી બ્હેન મુમતાને પરણવા પહોંચી જવું આઠ દીવસમાં ત્યાં નહી પહોંચો તો તે આપઘાત કરસે તેનું સ્ત્રી હત્યાનું પાપ તમને લાગસે ને જગતમાં તમારી નાલાયકી ગણાસે. આટલું કહી કાગળ આપી મને ખબર આપજે.

સાઠ વરસનો બુઢો વરરાજા.

કચેરી ભરાણી મુગમરીચી રાજા સીહાસન.

ઉપર બેઠો એટલામાં મેઘો આવી પહોંચ્યો સીપાઈએ રોકયો મેઘાએ કહ્યુ છેલજરારની પટરાણી કસ્તુરબાંનો નોકર છું સીપાઇએ ખબર આપી રાજાએ આવવા હુકમ આપ્યો.

મેઘાએ પ્રથમ કસ્તુરાંએ કહ્યું તે પ્રમાણે કહીને કાગળ આપ્યો મ્રગમારીચી રાજાએ વાંચી બોલી ઉઠયા ! રાજા સુર્યસીહની કુંવરી સુમનાએ મારી ઉપર પ્રેમ બતાવી કાગળ લખ્યો છે વળી પરણવા નહી આવો તો આ કાયાને અગનમાં બાળી ભસ્મ કરીશું તેનુ પ્રાય શ્રીત મને લાગસે આવો જેનો પ્રેમ અને હું ન જાઉ તો ક્ષત્રીકુળને કલંક લાગે રાજાએ તરત પ્રધાનને હુકમ આપ્યો અહીંથી આજે સ્વારી નીકળવી જોઇએ માટે તમામ સાહિત્યો તઇયાર કરવામાં જમાલખાં જાવ સેનાધીપતીને બોલાવી લાવો ખુશાલીમાં બંદુકનો અવાજ થયો નોબતો વાગી શરણાઇયો ફુકાણી મેઘાંને ઇનામ આપી ખુશી કર્યો રાજ્યના તમામ માણુસો કામમાં ગુથાયા.

જમાલખાં છેલજરારના મહેલે આવી ખબર આવી સેનાધીપતીકુ મહારાજાધીરાજ બોલતા હે માટે જાવ ઉઠકર અભી ભેજો સીપાઇ ઇસ બખત ઉસકા ઉઠાનેકા ટેમ નહી હે ઉસ બારતે હમ ખબર નહી દેતે જાવ તુમેરા રાજકુ બોલો.

જમાલખાંએ આવી રાજાંને ખબર આપી રાજા ગુસ્સે થઇ બીજા પાંચ દશ માણુસોને મોકલ્યા અને કહ્યું કે એકદમ તમે મહે લમા જઇને છેલજરાર જગાડીને બોલાવી લાવો

સીપાઇઓ એકદમ છેલજરારના મહેલે આવી છેલજરારના સીપા

ઇને ધમકાવવા લાગ્યા અને મહેલમાં દાખલ થવા માંડયું છેલના સીપાઇને ક્રોધ ચઢવાથી મ્યાનમાંથી તરવાર ખેંચી વાપરવા માંડી એને ઘાયલ કીધા અને બેને જાનથી મારી નાખ્યા દાસીને ખબર પડવાથી છેલજરારને જગાડવા કહ્યું.

જાગો જાગોને બંધુ ઝરારીયા, થાઓ તમે તઇયારજો.
મામા બોલાવે આપના માટે પધારો તમે દરબારજો.
ઉઠીને દંત ધાવન કરો, શુદ્ધીમાં લાવો શરીરજો,.
શણુગાર પહેરો શોભતા, બાંધો પાંચે 'હથીઆરજો.

દાસીનો બોલ સાંભળી છેલજરાર ઉઠીને નિત્ય કામથી પરવારી તઇઆર થઇ દાસીને કહ્યું.

સાંભળ દાસી બીખણી તારી ફીકર મુજને થાય જો
તારી બાઇ જોશે મને જીવતો નકી મારશે તને આંયજો
વચન પાછુ આપે તો તારી બાઇને પહોંચાડુ યમદ્વારજો
દુખ સઘળુ જાય મારૂં નિશ્ચિંત મુજ મન માંયજો
દાસી--શું બોલ્યા બંધુ માહરા ક્ષત્રી કુમારજો.
સીહ તરણું ખાયે નહી થુકયું નવ ગળાય જો.

હે બંધુ તમે મારી ચીંતા બીલકુલ રાખશો નહીં મને બચાવવા વાળો રામજી હાજર છે તે તમે જોયું હશે જે જે વખતે આફત આવે છે તે વખતે રામજી મારા હૃદયમાં આવી યુક્તિ સુંઝાડે છે સત્યતા ઉપર પરમાત્મા હાજર રહે છે અને અંતે પાપીનો ક્ષય થાય છે માટે સુખેથીમામાની તહેનાતમાં પધારો.

છેલજરાર—કોઇ દીવસ નહી ને આજે મામા પ્રભાતમાં કેમ બોલાવે છે ?

દાસી—કારણ મેં તો જાણીયું, મામા નવી મામી પરણજો:

માટે તેડાવે છે આપને, લશકર કરવા તઇયારજો.

આજ્ઞા ન લોપશો તેમની, ધીરજ ધરજો મનમાંયજો.

નોબત નગારા ગડ ગડે, શરણાઇ પુરે છે સાદજો;

ઝટ પધારી બંધુ માહરા, મામા કરે છે યાદજો.

દાસીની રજા લઇ છેલજરાર નીચે ઉતર્યો કૃસ્તુરાંએ છેલજરારને જોઇ અંતરમાં તો આગ સળગી ગણ સ્ત્રીચરિત્ર કરવા બે હાથ જોડી છેલજરારને કહે છે.

સાંભળો સ્વામી માહરા, પ્રભાતે કયાં જવા થયા તઇયારજો;

આપ વીના ઘડી ન રહી શકુ, જળ વીના માછલી ધારજો.

ખાવું પીવું ભાવે નહી, ન ગમે સજવા શણગારજો;

સાચું કહું છું સ્વામી માહરા, પાછા કયારે આવશો મહેલ મોઝારજો

છેલજરાર—સાચુ કહો છો રાણી તમે, તમે પતિવૃતા નારજો:

તમ વીણ હું પણ ન રહી શકું, શું કરવો ઉપાયજો.

નોકરી કરીએ મામા તણી, તેથી જાવું પડે દરબારજો;

ગયા વગર ચાલે નહી, તેથી બન્યો છું લાચારજો.

આટલું કહી છેલજરાર મહેલ બ્હાર નીકળી ઘોડા ઉપર સ્વાર થયો તેની સાથે શોળસેં સામંતો પાછળ ચાલવા લાગ્યા મૃગમારીચી કચેરીમાં આવી ત્રણ સલામો ભરી પોતાની જગ્યાએ બેઠા પછી મામાને કહ્યું આજે આશી ધમાધમ ચાલી રહી છે?

મૃગમારીચી રાજા—ભાણેજ આજે કીલ્લેગઢથી તમારી સાળીનો કાગળ આવ્યો છે હયો વાંચો.

છેલજરારે કાગળ વાંચી મામાને કહ્યું આજને આજ તઇયારી કરી અહીથી નીકળવું જોઇએ ને ત્યાં મુદતસર પહોંચી જવું જોઇએ

નહી તો ક્ષત્રી બાળા ભસ્મ થાય તેનુ પાપ લાગે અને જગતમાં વગોવણું થાય કે અવીચળગઢનો રાજા કીલ્લેગઢ પરણુવા ન ગયો ને આ હત્યા લીધી મામાને કહીને પોતે સૈન્ય ગોઠવવા લાગ્યો..

મૃગમારીચી રાજા બુઢો દાંત પડી ગયા છે, કાયા કંપે છે છતાં પરણુવાના ઉમંગમાં જુવાનીની માફક કેસરીયા વાધા પહેરી તૈયાર થઇ રથમાં બેઠો આગળ નિશાનડંકા, નોબતો ઘોડેસ્વાર વીગેરે ચાલવા લાગ્યા. નગરજનો બુઢ્ઢા વરરાજાની સ્વારી જોવા મેડીએ માળીએ છાપરે અને રસ્તાપર ઠઠ જામી સ્વારી ધીમેધીમે ચાલવા માંડી છેલ-જરારને નાનોભાઇ ઠેબાશીહ મામાની હજુરમાં છે તેને વિચાર આવ્યો શું ! સુર્યસીહની કુવરી આ બુઢા ઉપર મોહીત થઇ હશે ? ના ના આમા તર્કટ હોવું જોઇએ ખેર ગમે તે હો ત્યાં ગયે જણાશે પણ મારે મામાને ખરી હકીકત કહેવી જોઇએ એવો વિચાર કેરી મામાને કહ્યુ

સાંભળી મામા મારા બુઢીયા, તમને પરણુવાનો ઉમંગજો;
બંધુ છેલજરાર સાથે આવશે તો, ન પરણે તમને એ નારજો.

ઠેબાનું કહેવું ઠીક લાગ્યું એટલે મૃગમારીચી છેલજ-રારને કહે છે—

શુરવીર ભાણેજ જરારીયા, હુકમ આપુ તુજને આવારજો
અમારી સાથે નહીં આવવું, તુજ વીના રાજ ન જળવાયજો.

છેલજરાર—હે મામા ! સાથે આવી નવી મામી જોવાની ઘણી હોંશ છે.

મામા મૃગમારીચી—

તેડી જાઉં તુજને ભાણીઆ, રેઢું નવ રખાયે રાજજો,
સામૈયું લઇને આવજો સજી સૌ સાજજો,

કમજાત દાસી ! સ્વામીનું માથું લાવ !

છેલજરારને મારવું દાસીએ માથે લઇ કસ્તુરાંને પાછી વાળી હતી. તેજ છેલજરાર પ્રભાતે ઉઠી કસ્તુરાંને મળી મામાની તહેનાતમાં જઇ અત્યારે સ્વારીમાં મામાના રથના પડખે ચાલે છે. કસ્તુરાં પાસેથી છેલજરાર ગયો તેજ વખતે કસ્તુરાં લાલચોળ આંખ્યો કરી દાસીને બોલાવી. દાસીએ જાણ્યું નક્કી આ વખતે મોત છે એમ ધારી નીચે આવી કસ્તુરાં સામે ઉભી રહી.

કસ્તુરાં—ફટફટ દાસી બીખલી, મેં કીધો ભરૂસો તારો આજ જો;
સ્વામીને તેં માર્યો નહી, ને બગાડયું મારૂં કાજજો.

હે દાસી પરમાત્માને ભજી લે. હવે તારૂં આયુષ્ય થોડું છે.

દાસી—મારો બાઇ તમે આ સમે, મને ચીંતા નથી લગાર જો;
મારી વાત તમે સાંભળી, પછી મારો મને ઠાર જો.

હે બાઇ હું આપના સ્વામીને મારત તો મામાને શોક પડત ને પરણવા જાત નહી માટે મેં માર્યો નથી.

કસ્તુરાં—ધન્ય દાસી તુજને, તેં સારો કર્યો વીચાર જો;
મારા કામ વિષે વિચાર કર્યો ઇનામમાં લે તું હાર જો.

દાસી—હે બાઇ તમારી મારી ઉપર મહેરબાની છે. તે હું સમજું છું.

કસ્તુરાં—હું આપું છું હર્ષથી, લે તુંજ પહેર આ હાર જો;
મરણ થશે છેલજરારનું મામાજી પણ મુમના નાર જો.
રાજ્ય લગામ મુજ હાથમાં, આપીશ પ્રધાન પદ તે વાર જો;
સ્વતંત્રતા ભોગવશું આપણે, નહી હોય છેલજરાર જો.

દાસીએ કસ્તુરાંને કહ્યું બાઇ આવો મામાજીની સ્વારી આવે

છે બન્ને ઝરૂખામાં ઉભા રહ્યાં છેલજરાર મામાના રથના પડખે ઘોડા ઉપર આવે છે ત્યાં બન્નેની નજર એક થઇ એટલે.

કસ્તુરાં—સાંભળો સ્વામી તમે માહરા, ન જાશો મામાને પરણાવવાજો
તમ વીના મુજથી ન રહેવાય ન જાય દીવસને રાતજો
ચરતુરાનો અવાજ સાંભળી.

છેલજરાર—સાચુ બોલ્યાં તમે પતિવ્રતા પ્રેમ તમારો અપારજો
તમ વીના નવ રહી શકું હમણાં આવુ મહેલ મોઝારજો
રસોઇ બનાવો મનગમતી ભેગાં બેશીએ જમીએ અપારજો
મામાને વળાવીને હું આવુ છું દરબારજો
કસ્તુરાં દાશીને કહે છે—
સાંભળ દાસી મહારી તું શોધી લાવે ઝહેરજો
રસોઇ બનાવી ઝેરની પ્રીત જમે જરારજો

મામાજી પરણવા ગયા હવે કોઇ જાતનો વાંધો નથી સ્વામી નાથ આવે તે વખતે તેમને જમવાની રસોઇમાં ઝેર નાખીને બનાવુ તેમને પંખો ઢોળી જમાડુ તો પછી તારે મારવાની મહેનત મટી જાય

દાસી–ઝેર શોધી લાવવુ એ મારૂં કામ ગમે ત્યાંથી શોધી લાવું એમ કહી દાસી મહેલ બહાર નીકળી એક કાગળ લખી પોતાની પાસે વાળીને રાખ્યો ને ઝેર લઇને આવી કસ્તુરાંને આપ્યું કસ્તુરાએ રસોઇમાં નાખી રસોઇ તઇયાર કરી છેલ થામાને વળાવી મહેલે આવ્યો દાસીએ ચાલાકીથી કાગળ છેલને આપયો છેલે વાંચી વિચાર કરી કપડાં ઉતાર્યાં દાસીએ કહ્યું જમવા પધારો છેલ જમવા બેઠા કસ્તુરાંએ રસોઇ પીરસીને બોલી સ્વામીનાથ જમો એટલામાં બીલા ડીનું બચ્ચુ આવ્યુ છેલે બચ્ચાને પકડી ભાણામાં પીરસેલી રસોઇ તેના મોં આગળ મુકી બીલાડીના બચ્ચે ચાટી અને થોડીવારમાં

તમ્મર ખાઇ મરણ પામી. તરત છેલજરારે કોરડો લઇ દાસીને બે ચાર લગાવી દીધા કસ્તુરાં કહે સ્વામીનાથ ! એમાં દાસીની ભુલ નથી કારણ કે રસોઇ મેં બનાવી છે, માટે મારી ભુલ હશે એમ કહી દાસીને છોડાવી. સ્વામીનાથ આજે પરમાત્માએ મારી ઉપર ઘણો ઉપકાર કર્યો. નહીતો હમણાં આપ જમ્યા હોત તો ગજબ થઇ જાત. રસોઇ બધી દાસી પાસે ફેંકી દેવરાવીને કસ્તુરાં ફરીથી રસોઇ બનાવી છેલજરારને જમાડયો જમીને દરબારગઢમાં જઇ કામે વળગ્યા.

કસ્તુરાં દાસીને કહે છે-

સાંભળ દાસી ભીખલી, આપણો ચાલ્યો ન એકે ઉપાયજો;
તારી ને મારી મહેનત વથા ગઈ બીલી મરી આ ઠાર જો
મહેનત તેં તો સારી કરી વળી ખાધો ઘણો મારજો,
કામ મારૂં નવ થયું ને જીવતો રહ્યો ભરથારજો,

હે દાસી હવે સ્વામીને કેવી રીતે મારવા તેં તો ખુબ મહેનત કરી પણ આજની રાતમાં મારી તરવાર લઇ સ્વામીનું માથુ કાપી જમીનમાં દાટી દેતો નહોતો કરે તો તું મારી ખરી દાસી.

ચીંતા કસ્તુરાં પરહરો, નથી કઠણ આ કામ જો,
અડધી રાતે જરૂરથી મારૂં છેલજરારજો,

આવી રીતે કસ્તુરાં મોટા મોટાં તરંગો ગોઠવે છે દાસી તેને મજબુત કરી જડમુળથી ઉખેડી નાખે છે આવી નીમકહલાલ સ્રીને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે.

ચોરીમાં કુંવરી મુમના કે દાસી !

અગમારીચીએ કીલ્લેગઢની ભાગોળે આવી બંદુકના અવાજ કરાવ્યાને ત્યાં તંબુ ઠોકવા મુકામ કર્યો કીલ્લેગઢની પ્રજા ખળભળી ઉઠી અને ટોળટોળાં વરરાજાને જોવા માટે આવવા લાગ્યાં જે ટોળાં

જોઇને પાછાં વળે તે માંહોમાંહે રાજાને ફીટકાર આપે ઇંદ્રની અપ્સરા જેવાં કુંવરીને કુવામાં નાખી માથે ધોળા કેસ આવ્યાં બેસી ગયાં, કાયા કંપે છે, ઉટની ડોકે બકરૂ બાંધ્યું છે, આવી વાતો કરી કિલ્લેગઢમાં હાહાકાર વરતાઇ રહયો છે,

જાતે દાસી ઇલાયચી, જોઇ આવ્યા કીલ્લેગઢ બ્હાર જો;
બ્હાદુર છેલ આવ્યા પરણવા, તેમને કેવો પહેર્યો શણગાર જો;
લાવ લશ્કર કેટલું જાનમાં, તે જોઇને વ્હેલી આવ્ય જો;
રૂપ રંગ તેમનું જોઇને, તું મને કહી બતાવજો.

દાસી અગમારીચીના તંબુ આગળ સીપાઇ પહેરો ભરે છે તેને પુછયું જમાદાર સાબ વરરાજા કીધર બેઠે હે ?

સીપાઇ—સાલી અંધી હે ? સામે ઓ બેઠા,

દાસી મુમનાને આવી મુમનાને કહે છે—

બ્હેન મુમના તમે સાંભળો કરમ ફુટયું આ વાર જો
પરણવા આવ્યો બુઢીઓ નથી આવ્યા છેલજરાર જો.

મુમના-ચુપ રહે દાસી ? તું જા બાપાજીને મારી પાશે છાના માના બોલાવી લાવ,

દાસી તરત રાજકચેરીમાંથી રાજા સુર્યસીંહને બોલાવી લાવી.

સુર્યસીંહ-કેમરે બોલાવ્યો દીકરી મુજને પાદરે આવી છે, જાન જો કહેવાનું હોય તે કહી દે મુને, કરવાનુ છે ઘણુ કામ જો.

મુમના—અરજ સુણો પિતા માહરી જાન આવી પરણવા આજ જો
છેલના બદલે અગમારીચી આવ્યો પરણવા આજ જો

હે પિતાજી મેં કાપળ લખ્યો કાગળમાં કાવતરૂં થયું હોવું જોઇએ નહી તો અગમારીચી વરરાજા બનીને આવે નહી માટે

આપણે જાનને પાછી વાળીએ તો આપણી અને એની આબરૂ જાય

આંડમ્બર સાથે સામૈયું કરી, લાવો માંડવા મોઝારજો,
સમય પ્રમાણે વર્તવું પરણાવી ઈલાયચી નારજો;
પોશાક પહેરાવી તાહરો કરૂં દાસી તૈયાર જો
ઇલાયચી રાણી રાયની હું બનીશ તેની ચાકરજો
હું સાથે જઇશ અવીચળગઢમાં પરણીશ છેલજરાર જો
મેં કહ્યુ તેમ તમે કરો એવો મારો છે વીચારજો

મુમનાના કહેવા પર ખુબ વીચાર કરી કહ્યું
સાચુ કહ્યુ તેં દીકરી ઉત્તમ તારા વીચારજો
પણ સાથે જતા તેહની દુખ પડશે અપારજો
જાણુ પડે અગમારીચીને તો કેદમાં પુરે તને
શી રીતે છોડાવી તે સુઝ ના પડે મને

મુમના—પિતાજી મારી તમારે કંઇ ફીકર કરવી નહી કારણકે છેલજરારના હાથમાં રાજ્યની લગામ છે વળી કસ્તુરાં બેન પટરાણી છે હું જઇને તરત છેલજરારને સ્વાધીન થઇ લગ્ન કરીશ પછી અગ મારીચીનુ કાંઇ ચાલશે નહી

સુર્યસીહમુમનાની વાત અને તેની હીમતની તારીફ કરતો રાજકચેરીમાં આવી સામઇયુ તઇયાર કરી અગમારીચીને માંડવે લાવ્યા બાજોઠ ઉપર બેસાડયા મુમનાએ દાસી ઇલાયચીને શણગાર સજી તઇયાર રાખી હતી ગોરે કહ્યું કન્યા પધરાવા કન્યા પધરાવો તરત દાસીને લાવી ગોરે હસ્ત મેળાપ કરાવ્યો.

હવે અગમારીચીની હજુરમાં છેલજરારનો નાનો ભાઇ ડેબો બેઠેલો છે તે સત્ય બોલનારો છે તેણે બારીકીથી જોયું તો તેને

માલમ પડયું કે આ કુંવરી નથી પણ દાસી છે માટે મારે મામાને જણાવવું જોઇએ એમ ધારી મામાને કહે છે.

શુદ્ધા મામા મ્રગમારીચી, તમે પરણુવા આવ્યા મુમના નાર જો.
પણ સુર્યસીંહ પરણાવે મશ્કરીમાં; ખવાસણની બાળજો,
મ્રગમારીચી,—છાનો રહે ઠેબા ભાણીઆ, તું શું સમજે હજુ અજ્ઞાનજો
સુર્યસીંહ નથી એવો મુર્ખો, મને પરણાવી દાસી બાળજો,
ભાણીઓ—મારો ધર્મ મેં બજાવીયો, હું કહી છુટું આવારજો
પછી ઠપકો નવ આપતા, નકી છે ખવાસણની બાળજો.

મ્રગમારીચી— રાજા પરણી ઉઠયા પછી મુમના દાસીને લઇ મેડી ઉપર ચઢી ગઇ ઇલાયચી રત્નજડીત કોચ ઉપર બેઠી ઇલાયચી પડખે ઉભી વીઝણો નાખે છે ઠેબા ભણાને ચેન ન પડવાથી થોડી-વારે તે પણ મેડી ઉપર ગયો તો મુમાનાને કોચ ઉપર બેઠેલી જોઇ અને પરણનાર દાસીને વીઝણો નાખતી જોઇને ક્રોધ કરી બોલ્યો.

ધીક ધીક મુમના તુજને ધીક તુ માત પિતાને આવારજો.
કાગળ લખ્યો હતો પરણવા પછી કેમ ફેરવ્યો વીચારજો
ક્ષત્રી વચન ફરે નહિ, મુખ બોલ્યાં જે વારજો,
તો લખેલ આંકડાં ફરે નહી. તેનો થાય છે મને વીચારજો;
સ્ત્રી હત્યા તે લખીને, પરણાવી ખવાસણ બાળ જો,
અસલ બીજ તારૂ નહી, તેં ઉલટો કર્યો વહેવાર જો;
મુમના—ક્યાના રહેવાશી તેમે ને શું છે તમારૂં નામ જો,
રાજા મ્રગમારીચીની હજુરમાં શું કરો છો કામજો.
નાની વયમાં આપના, છે સારા વીચારજો,
અસલ ક્ષત્રી આપ છોં મેં ધાર્યું હૃદય મોઝાર જો.
ઠેબાસીંહ—અવાચળગઢમાં હું રહું મૃગમારીચી મામો થાય જો;

છેલજરાર છે બંધવો. મારૂ નામ ઠેબો જાણુ જો,
મુમના—વાહરે દીયરજી માહરા, છે ઉમદા વીચાર જો;
પરણવું હતું તુજ બંધુને, આવ્યા મૃગમારીચી રાય જો

હે દીયરજી મેં તન મન અને કાયાથી પરણવાનો કાગળ તમાર ભાઇ ઉપર લખ્યો હતો પણ તમારા દરબારમાં ગડબડ થવાથી તમાર મામાં આવ્યા તેમને પાછા કાઢીએ તો જગતમાં હાંશી થાય તેથી કરીને દાસી પરણાવી.

ક્ષત્રી વચન ફરે નહીં, નવ ફરે લખેલા લેખજો;
ગડબડ થઇ તમારા રાજ્યમાં, મારી તોડવા ટેક જો.

ઠેબાહીંહ—શાબાશ મુમના આપને, તમે સુર્યસીંહના બાળ જો;
ઉદય કરમ હોય આપતું, તો પરણે છેલજરાર જો.
ભાગ્ય માહરાં ઉદય થશે, તું જેવા ભાભી થાય જો;
મેં જાણ્યું કેમ ભુલીયા, સુર્યસીંહના બાળ જો.

ભાભી તમે રજા આપો તો મામા પાસે જાઉં કારણકે તમારી પાસે આવે મને ઘણીવાર થઇ માટે મામા અથળાતા હશે.

મુમના—દીયરજી તમે પહેલવહેલા મળ્યાં માટે મળ્યાં મોં કરતાં જાઓ એમ કહી દાસી પાસે એક થાળમાં પકવાન મંગાવી દીયરને મુમનાએ જમાડી ફુલનો હાર ગળામાં નાખ્યો.

ઠેબો મામા પાસે આવી મામાને કહે છે.

સાંભળો મામા માહરા, મેં ચોકશ કીધી વાતજો;
નિરખી મામા ઇલાયચી, મુમના પરણશે છેલની સાથજો,
ઠીક ઇલાચી આધને, પરણાવી આવાર જો;
નસીબ ખુલ્યું એહનું; ધન્ય તમારો અવતાર જો.

મૃગમારીચી-હે મુરખના સરદાર તારૂં બોલવું બંધ કર દીકરીનુ વેવીશાળ કરી દાસી કેમ પરણાવે ?

સુર્યસીંહ નવાં નવાં જમણ કરી જમાડે છે; નાટારંગ અને તમાસાના જલસા થાય છે.

——[०]——

કસ્તુરાનું કાવતરૂં બાજું.

છેલજરાર આજે સામયાની તૈયારીઓ કરવામાં રાત પડી ગઇ એટલે દરબારગઢમાં રાજમહેલમાં સુઇ રહેવાનો વીચાર કરી પોતાને મહેલે કહેવરાવ્યું એટલે કસ્તુરાંએ દાસીને કહ્યું.

આજ રાતે તલવાર લઇ, જાને રાજ દરબારજો;
મધરાતે મહેલમાં જઇ, માથું કાપ છેલજરાર જો.
આજકાલ કરતા દીન જાય છે,
આવી પહોંચશે જાન જો,
ધાર્યું કામ થશે નહી ને આપણુ બન્ને થઇશું હેરાન જો.
દાસી—જાઉં પુરૂષના વેશમાં, બાંધીને તરવાર જો;
ચોર પેઠે પરવરૂં, મહેલની મોઝાર જો,
નીમક ખાધું આપનું, તે આજ કરૂં હલાલ જો;
નામ બીખલ્રી જાણજો, કરી દઉં આજ તમારૂ કામ જો.

કસ્તુરાંને સમજાવી લશ્કરી પોશાક પહેરી કમરે તલવાર લટકાવી એકદમ રાજમહેલમાં થઇ છેલજરારને જગાડી કહેવા લાગી.

શુરવીર છેલજરારજી, હું છું આપની દાસી જો;
મારી બાઇના હુકમથી, આવી છું તમ પાસ જો.
માથુ કાપવા આપનું, સોંપ્યું છે મને કામ જો;
કામ કરી પ્રભાતમાં, લઉં મોટું ઇનામ જો,

ॐ

છેલજરાર–બીખલી તું નથી સમજતી. કહું તને છું વારંવાર જો;
વચન મુકત મને કરો તો, પહોંચાડું યમદ્વાર જો.
દાસી—શુરવીર થઇ કાયર બનો, નકામાં કાઢો વેણ જો,
આપેલ વચન પાછાં માગો, નહિ શુરવીરનાં કામજો
રજા આપો આ સમે, બંધુ છેલજરાર જો;
સમજાવું મારી બાઇને, ઉગમતે સવાર જો,

છેલજરાર—તમારી બાઇ મારૂં માથું માગશે, તેને તમે શી રીતે સમજાવશો.

દાસી—સ્ત્રી ચરીત્ર અનેક છે. તેનો નથી કાંઇ પાર જો.
મુરખને સમજાવતાં, લાગે નહી કાંઇ વારજો.

દાસી છેલજરારની રજા લઇ પોતાના પતિનો ત્યાં પ્હેરો ભરતો હતો તેની પાસેથી છરી લઇ પોતાના શરીર પર બે ત્રણ ઘા કરી વ્હેતા લોહીથી બે બાકળી બનતી દોડતી દોડતી કસ્તુરાં પાસે આવી હે બાઇ મને બચાવો બચાવો ? મારા શરીર પર ઘણા ઘા પડયા છે માટે ઘણી પીડા થાય છે.

હું ગઇ દરબારગઢમાં, મારવા છેલજરારજો;
ગયા રોનમાં ફરવા નગ્રની મોઝાર જો,
પાછળ હું ગઇ તેમની, ધાર્યું થાશે કામ જો,
થયું કામ સૌ ઉલટું, બચાવી ભગવાન જો.
ચોર મળ્યા ત્યાં છેલને, હતા જણ ત્રણ ચાર જો,
લડાઇ કીધી ચોર સંગમાં, માર્યા સૌને ઠારજો.
ચોર ધારી મુજ પાછળે દોડયા છેલજરાર જો,
પરાણે આવી છું જીવતી, ખાધા ઘા બે ચાર જો,

દાસીના કપડાં લોહીવાળા થયેલા તે બદલાવી ઘા ઉપર પાટા બાંધીને સુવાડી.

શાબાશ દાસી ભીખલી, તેં કષ્ટ વેઠયું અપારજો,
ચાકરી તારી હું કરૂં. પછી મારજો છેલજરાર જો.

દાસી—ક્રોધ ચઢયો છે અતિ ઘણો, પણ આ વખતે લાચાર જો,
ઘા રૂઝાઇ જાય માહરા, તો મારૂં છેલજરાર જો,

છેલ સવારમાં પોતાના મહેલે આવ્યા કપડાં ઉત્તારી થોડીવાર બેઠા પછી પુછ્યું. દાસીને કાંઇ મોકલી છે ? કેમ દેખાતી નથી ?

કરતુરાં–દાસી તો આ પડદામા સુતી છે, કાલે એના ધણીએ ગડદા પાટુ અને છરાના એવા ઘા માર્યા છે કે ઉઠવાને શકિત નથી. માટે તમારે તેના ધણીને ઠપકો આપવો જોઇએ, ફરી બીચારીને આવી મારે નહી. છેલે દાસીની પાસે આવી પડદો ઉંચો કરી કહ્યું.

સુણરે દાશી ભીખલી, શી કીધી તકરારજો,
તારા ધણીએ કેમ મારી, દઉ ઠપકો આવારજો.

છેલનું બોલવું સાંભળી હસવું આવવાથી લુગડુ ઓઢયું; છેલજરાર જમી તૈયાર થઇ દરબારગઢમાં આવી સામૈયાની તૈયારી કરી વાજતે ગાજતે ગામ બ્હાર નીકળ્યા એવામાં પખાલી પાણીની ભરેલી પખાલ પાડા ઉપર નાખી તે ઉપર પાડાને ડફણા મારતો આવે છે સામેથી છેલજરારને આવતા જોઇ પખાલીએ પાડાને એક બાજુએ ચાલવા માટે વધારે મારવા માંડયો, એટલે પાડાને વાચા થઇ.

પાડો કહે મને નાથીયો, મારે પીઠે પખાલનો ભારજો;
સો સો ભેંસોમાં હું માણતો, જેમ રાણીઓમાં માલે છેલજરારજો.
જુવાની હતી જયારે માહરી, ત્હારે જાણતો નહી મને ભારજો;
ઘડપણ મુજને આવીયું, હવે નથી ખમાતા મારજો.

છેલે પાડાનું બોલવું સાંભળી તરત પખાલ ઉતારી નાંખી દર-બારગઢમાં પાડાને મોકલાવી દીધો અને પખાલીને કહ્યું નવો પાડો ખરીદતાં જે કીંમત બેસે તે મારી પાસેથી લઇ જજે.

કીલ્લેગઢથી જાનની વીદાયગીરી.

મુમુનાએ પોતાનું સ્વરૂપ ઢાંકવા માટે કાળો બુરખો એવો બનાવ્યો કે ફકટ ચામડીના માફક શીટ પોતે પહેરી લીધો ઉપર દાસીના કપડા પહેર્યા દાસીને શણગાર પહેરાવી રાણીની માફક બનાવી સુર્યસીંહે રથ પાલખીઓ ઘેડા વીગેરે પાયજામામાં આપ્યું. મૃગમારીચીના રથમાં મુમના રથ હાંકવા બેઠી અને દાસીને મૃગમારીચીના પડખે બેસાડી લાવ લશ્કર સાથે જાન રવાના થઇ દરમજલ કાપતા લશ્કર પડાવ નાખતાં મૃગમારીચીની જાન પોતાની સરહદમાં આવી પહોંચી અવીચળગઢને બાર કોસનું છેટું થતું ત્યાં છેલજરાર પણ સામૈયું લઇ ત્યાં આગળ ભેગા થયા સામી બંદુકોના અવાજ થયા એટલે દાસી મૃગમારીચીની રાણી થઇ બેઠી છે તે બોલી.

સાંભળો બાઇ તમે મહારા ધીરજ ધરો મનમોઝાર જો.
પતિ તમારા આવીયા શુરવીર છેલજરાર જો.
આ સાંભળી ઠેમો મામાને કહે છે.
મામી પલાઇચીએ શું કહ્યું,
તમો સાંભળ્યું કાંને મામા માહરાજ.
બંધુ સામે માહરો આવશે,
તેને કહયો મુમતાનો ભરથાર જો.

મૃગમારીચી માંમો-ભાંણા સદાનો મુરખ રહયો,
હજુ રહયો બાળકની જાતજો,
દાસી રાણી વાતો કરે
તેને કેમ થાય સંતાપજો.
ઠેબો ભાણો-બુઢીયા મામા સાચુ કહું,
જુઠું તો બોલું લગાર જો,
દાસી છોડી રાણી બની, રથ હાંકે મુમના નારજો.
મૃગમારીચી મામો-ભાણા મતી તારી ગઇ મેં કહ્યું તેને કેટલી વારજો
મુજ પડખે બેઠી ક્ષત્રાણી, ન હોય ખવાસની બાળજો.
છેલજરાર રથને પડખે ચઢયો એટલે ઠેબાંએ કાગળ આપ્યો
છેલ ઘોડાને પાછો મારી વાંચ્યો અને ઠેબાને કહ્યું
સાંભળ બંધવ માહરા ન કરવી પરાઇ આશ જો
જાણી સર્વે વાતડી પણ ખોટી રાખવી આશ જો
મુમના-શુરવીર છેલ સમતા કરો, સીંહ તરખલું ન ખાય જો
લવીંગ સોપારી એલચી મુખવાસ અપાયજો
તમો ક્ષત્રી કુમાર છો વળી શુરવીર છો સરદાર જો
તમારા માટે કુંવારી રહી હાંકુછું રથ આજ જો.
ઇલાયચી વળગાડુ મૃગને તેમાં નહીં સંદેહ જો.
ક્ષત્રાણી ભુલે નહીં પોતાનો પ્રેમ જો.
બોલ્યું વચન ફળે નહિં ન કરે લખીયા લેખજો.
ચીંતા ન ધરશો મન વિષે નથી તોડયો મેં ટેક જો.
ઇલાયચી જે રાણી બનીને બેઠી છે—તે કહે છે.
ભાણેજ છેલજરારીયા આવોને રથ મોઝાર જો.
મુખ જોવાને આપનું મન તલસાય અપાર જો.

છેલજરાર—મામી મુખ જોવા તણી, આશા છે મુજ મન જો.
આજ્ઞા વિના અવાય નહીં, સત્ય માનો વચન જો.
મામા આજ્ઞા આપે મને, તો મામી મુખ જોવાય જો;
હોશ માદી પુરી કરો, સન્દેહ મારો જાય જો;
ઠેબો મામાને કહે છે—ઉતરો મામા રથ થકી આજ્ઞા આપો આ વારજો.
મામા ઇલાયચી જોવા કારણે, રથમાં આવે છેલજરાર જો.

અગમારીચી રથ ઉભો રખાવી છેલજરારને કહ્યું—

ઉભોરે ભાણેજ જરારીયા, તું જાને રથ મોજાર જો.
મામી બોલાવે તાહરી, મુખ જોવાને કાજ જો.
ઠેબો—મામા ગત ગઇ તાહરી, તમે બોલો છો અવળી વાત જો !
મામી તો છેલજરારની, તમારી સ્ત્રી જાત જો;

અગમારીચી મામા રથમાંથી ઉતરી ઘોડા ઉપર બેઠા. છેલજરાર રથમાં આવ્યા કે તરત મુમના દાસીની જગાએ આવી અને દાસી રથ હાંકવા બેઠી ત્યારે ઠેબો કહે છે—

જોને મામા મારા બુઢીયા, થઇ બદલી આ વાર જો;
ભાભી બેઠી ભાઇ પાસમાં, રથ હાંકે ઇલાયચી નાર જો,
અવીચળ ગઢનો તું રાજવી, છે તુજને ધીક્કાર જો;
દાસીને પરણી આવીયો, ફટ ફટ થયો અવતાર જો.
અગમારીચી મામો—ચુપ રહે ઠેબા ભાણીયા, શું કહું વારંવાર જો;
દાસી મુજને પરણે નહી, જુઠી ન નાંખ આળ જો.

ઠેબો—હે મામા તમારી આંખ્યો ગઇ, કાન ગયા. તેમ જીભથી જેમ તેમ બોલાય છે પણ હું ક્ષત્રીકુમાર છું અત્યાર સુધીમાં જે મેં કહ્યું અને કહીશ તે તમારે ખરૂંજ માનવું.

મુમના છેલજરારને કહે છે—

કાગળ લખ્યો હતો આપને સાંભળો છેલજરાર જો;
તેની ગરબડ શી થઇ, આપણા રાજ દરબાર જો.
તમે ન આવ્યા પરણવા, આવ્યાં બુઢા વરરાય જો,
સદભાગ્યે ચેતી ગઇ, નહીતો બાળત મારી કાય જો,

છેલજરાર—તમે લખ્યો કાગળ મુજ ઉપરે જુઠું નહી લગાર જો,
કર્યું કપટ તુજ બેનડી, જે કસ્તુરા નાર જો.
પત્ર બનાવટી બનાવીએ, નામ લખ્યું મૃગમારીચી રાય જો,
તેથી પરણવા આવીયા, તુજ બ્હેન વેરણ થાય જો.
શાબાશ ક્ષત્રાણી તુજને, છે ઉત્તમ તારા વિચાર જો;
એક માબાપની દીકરી બે, તેમાં કેટલો ફેરફાર જો.
કુલટા કસ્તુંરા નીકળી, તું છે ઉત્તમ નાર જો;
બન્ને જન્મી એક પેટમાં, કેવું કરે કીરતાર જો,
પરણાવી તેં દાસીને, આવી વળી સંગાથ જો,
ચઢાવી દેશે મહેલ ઉપરે, પછી મુલાકાત નહી થાય જો.
તે વીશે શું ધારીયું બોલો મુમના આ વાર જો;
રોજની મુલાકાત માટે, શું કરવો વીચાર જો;

મુમના—શુરવીર બહાદુર જરારજી ફીકર તજો આ વાર જો,
ગોઠવણ કીધી મેં ખરી મળવા માટે તૈયાર જો.
રહેશું ગામની પાદરે એકાંત મહેલમાં મોઝારજો
પ્રીતેથી ત્યાં પધારજો બહાદુર છેલજરાર જો

ઠેબાસીંહ—મામા તમે સાંભળ્યું નહી કાન રોકો રથ મોઝારજો.
આનંદની વાતો બંને કરે મુમના છેલજરાર જો

અગમારીચી મામા—મામીને ભાણેજ છે, કરે હાસ્ય વીનોદની વાતજો;
તેમાં તું શાને બળે; પેટમાં અગ્ની ઝાળજો
ઠેબાસીંહ—મને પેટમાં બળતુ નથી હું થયો છું રાજી અપારજો
મુમના છેલનુ જોડલું જેમ શાભે સીતારામ જો.
છેલજરાર—મુમના તમે સાંભળો હવે મુજને થઇ બહુ વારજો
રજા આપો તમે મુજને તો થાઉ ઘોડેસ્વારજો

છેલ રથમાંથી ઉતરીને મામાને રથમાં બેસાડયા પોતે ઘોડેસ્વાર થઇ સ્વારીની ગોઠવણી કરવા માંડી લાઇનસર સવારી અવીચળગઢમાં દાખલ થઇ નગરજનોની ઠઠ જામી.

રસ્તાએ પર ચાલવાની જગ્યા રહી નહી દરવાજા નજીક રથ અટકયો એટલે જે દાસી રાણી બની છે તે હાથ જોઠી ખુઠીઆ અગમારીચીને કહેવા લાગી—

સ્વામી માહરા તમે સાંભળો મારે બાધા છ માસ જો
નગમા આવુ નહી રહેવું વન મોજાર જો
માની હતી મેં માનતા મળશે અગમારીચી સ્વામીનાથ જો
તમારૂં મુખ જોવુ નહી રહું છ માસ એકાંત જો
વૃત મારૂં પુરૂ થયે હુ આવીશ તમે દરબારજો
ત્યારે સર્વે સુખ ભોગવો હે તમારી નાર જો
ઠેબાસીંહ—મામિ તમને ધન્ય છે બાધા રાખી છે બહુ સારિ જો
સોધ્યો તો જડે નહી મુઝ મામાં જેવો ભરથાર જો
વ્રધ વયે જુવાન બન્યા આવ્યા રૂપેરી વાળ જો
સેજ જોગ તમે થશો ત્યારે તેને આવશે કાળ જો
મામો સુશે શમશાનમાં તમે રહેજો મહેલ મોઝારજો
પ્રભુ તણી ભકિત કરી પુરો કરો અવતાર જો.

મૃગમારીચી—તેં કેમ જાણ્યું મારી ઉમર થોડી છે. જોષીએ મારૂં આયુષ્ય એકસોને પચીસ વરસનું આંકયું છે પણ તારી મામીને રહેવા માટે આ એકડંડીઆ મહેલમાં ગોઠવણ કરી આપ અને તેના કરતાં સંટ્રી પેરામાં પાંચસો માણસની ગોઠવણી કરી અને તેમના ઉપર આખી રાત તારે રોન દેવી તારી મામીનુ વ્રત પુરૂ થાય ત્યાં સુધી દેખરેખ તાર રાખવાની છે.

ઠેબાસીંહ--આજ્ઞા મુજબ બધું કરૂં ભુલ ન આવે લગારજો

પણ અરજ મારી સાંભળો એક ન કરૂં કામજો

રોન દઉં આખી રાતની મુજ મામીના મહેલ જો,

ફરતી ચોકી ગોઠવું તે કરવુ મારે સ્હેલજો

શુરવીર બંધુ માહરો જાશે મહેલ મોઝાર જો

તે તમને જાહેર કરૂ પણ પકડુ નહી લગારજો

હે મામા ! મારા મોટા ભાઇ સુમનાના મહેલે આવશે તે વખતે તમને ખબર આપીશ.

મૃગમારીચીએ સુમનાની ગોઠવણુ કરી દરબારગઢમાં આવી પોતાના માણસોને યોગતા પ્રમાણે સરપાવ આપી ખુશ કર્યા.

કસ્તુરાંનુ કાવતરૂં ત્રીજુ.

કસ્તુરાં—કેમ દાસી ભીખલી આપણું ધાંર્યું આપણા મનમાં રહ્યુ અને મામાજી પરણીને આવ્યા મારા ધારવા પ્રમાણે સુમના બહેન પરણ્યા હોય એવું લાગતુ નથી કારણ કે તે ચાલાક અને ચતુર છે માટે તેમનુ કાંઇક કાવતરૂ હોવુ જોઇએ નહી તો તે એકાંત મહેલમાં રહેવાનું માંગે છે.

દાસી–મુનનાં બ્હેને તો છલાઇથી દાસીને રાણી બનાવ્યા છે અને પોતે દાસી બનીને આવ્યા છે.

કસ્તુરા–સ્વામીનાથ તેના મ્હેલે જવાના અને ચોક્કસ તેની સાથે પરણવાના..

દાસી–આંજ રાત્રે જાઉં મુમનાની મેડીએ ધીરજ ધરો મનમાંય જો
દાઝ મુજને અતિ ઘણી, મારૂં છેલજરારજો
કોડ વાતે મુકુ નહી એ નિશ્ચય મનમાં આણજો.
તોજ બીખલી નામ માહરૂં લઉ તેમના પ્રાણ જો

હે બાઇ તમે નિરાંતે ઉંઘો હું છેલજરારને માંરી પરોઢીએ આવીસ. એમ કહી હાથમાં તલવાર ઝાલી પોતાને ઘેર આવી સુઇ રહી

છેલજરારે વિચાર કર્યો આજે એકાંત મહેલમા ગમે તે પ્રકારે જવુ એમ ધારી દાસી બીખાલીને સ્વાદી એને સારી માજમની લાકડીયા બનાનવાતું રહી પોતાના મહેલે આવ્યા.

કસ્તુરાં–પધારો પ્રીતમ માહરા હું પ્રેમે લાગું પાયે જો.
ત્રણ દીવસથી તમે ગમે ત્યારના મને અપવાસજો

બન્ને જણ જમવા બેઠાં જમતાં જમતાં કસ્તુરાં કહે છે હે સ્વામીનાથ! મારી બ્હેન મુમનાને મારાં માબાપે વદ્ધ મામાને કેમ આપી હશે તેમને કાંઇ વીચાર કર્યો નહી હોય? મને તેડાવી નહી કંકોત્રી પણ લખી નહી તેનું શુ કારણ હશે?

છેલજરાજ–તમારા માતા પિતાને ગમ્યુ હશે તેમ કર્યુ હશે હુ જાનમાં ગયો નથી એટલે મને શી ખબર.

છેલ પોતે જમીને કપડાં પહેરી પોતાની એકાંત જગ્યામાં ગોઠવણ કરી હતી ત્યાં આવી સ્ત્રીનાં કપડાં પહેરી હાથમાં થાંળ ઝાલી

એકાંત મહેલ તરફ રવાના થયો પ્રેમ એવી ચીજ છે કે શુરવીરને સ્ત્રી બનાવે છે.

એકાંત મહેલમાં સોગટાં બાજી.

એકાંત મહેલને ફરતાં કદમ કદમના છેટે પહેરા ગોઠવી દીધો છે ચકલુ સરખું અંદર ફરકી શકે નહી તો પુરૂષ કેવી રીતે જઇ શકે! ત્યાં આગળ એક બાઇ રૂમઝુમ કરતી ચાલી આવે છે તેને પહેરાવાળે ટોકી.

બાઇ—આજે દરબારમાં ખુશાલીનુ ખાણું કર્યું હતું તેમાં લાડવા વધ્યા એટલે રાજાએ હુકમ આપ્યો આપણા એકાંત મહેલે પહેરેગીરા પહેરા ભરે છે તેમને એકેક લાડવો આપી આવો. તેથી હું આપવા આવી છું એમ કહી દરેકને એકેકો લાડવો ઝપટાંબંધ આપવા માંડયો. બધા પહેરાવાળાએ ખાધો થોડીવારમાં ઝોકે ચઢયા થાળને ખાલી કરી એકદમ તે બાઇ મહેલમાં ગઇ (આ બાઇ નહોતી તોપણુ છેલજરાર પોતે હતો)

મુમના—પધારો સ્વામીનાથ હું આપની રાહ જોતી વીચારમાં બેઠી હતી.

છેલજરાર—હે સ્ત્રી જ્યાં સુધી હજારો માણસની વચ્ચે માથરૂં બંધાયું નથી જવતલ હોમાયા નથી ત્યાં સુધી સ્ત્રી પુરૂષનો સંબંધ રાખવો નહી- અને સંસાર સુખની ઇચ્છા કરવી નહી અને એવા કુકૃત્ય કરનારા માણુસો સાતમી નરકના અધીકારી બને છે માટે આપણે સત્યને વળગી રહ્યા છે ટેક છોડવો નહી બાકી હસવુ રમવુ બોલવુ એવી મારી તમને સુચના છે.

મુમના—શાબાશ! ક્ષત્રીકુમાર તમને ધન્ય છે! તમારા જેવા શુરવીર ક્ષત્રીઓ ટેક ન રાખે તો ધરતી રસાતાળ જાય, માટે હું તમારા મતને મળતી છું અને પતિવૃતા સ્ત્રીઓને તે પ્રમાણે વર્તવાની જરૂર છે.

મુમનાએ સોગટાં બાજી માંડી બંને જણુ રમવા બેઠાં સોગટી પર સોગટી મારવા લાગ્યાં મધરાત થવા આવી. પહેરાવાળા બરોબર નીશામાં આવી ઝોકે ચઢયા. એવામાં ઠેબાસીંહ રોન મારવા ત્યાં આગળ આવ્યા અને જોયું તો પહેરાવાળા બેભાનમાં અડબડીયાં ખાય છે મહેલમાં પાસા ખખડે છે અને ધમાધમ ચાલી રહી છે આ જોઇ ઠેબાસીંહે વીચાર કર્યો કે હવે મામાને ખબર આપીને ઘેર જઇ સુઇ રહેવું જેની ચોકી કરવાની હતી તે તો આવી સોગટા બાજી ખેલી રહ્યા છે. ઠેબો મામાના મહેલે આવી મામાને કહે છે.

ઉઠો ઉઠો મામા માહરા બુઢીયા
હું જોઇ આવ્યો કહું આ વારજો;
બ્હાદુર બંધુ મારો,
સોગટા બાજી રમે મામીને દરબારજો.

મામો મૃગમારીચી—સાચું ઠેબા તેં કહ્યું.
પણુ વાય છે મુજને ટાઢ જો;
તેં કહ્યું મેં સાંભળ્યું:
તેનો કાલે કરશું ઉપાયજો,

ઠેબાસીંહ—મેં તો નોકરી કરી માહરી,
વળી ફરજ બજાવી આજ જો;
રોન ફરીને આવીયો,
હવે જાઉં ઘર મોઝાર જો;

કેઓ પોતાની નોકરી બજાવી સુઇ રહયો, પરોઢીયે મુમનાની રજા માગી છેલજરાર પોતાને મહેલે આવ્યો, દરબાર ભરવાના ટાઇમે સોળસે સામંતો સહીત જઇ મામા મૃગમારીચીને ત્રણ સલામો ભરી પોતાની જગાએ બેઠો.

રાજા મૃગમારીચી—બહાદુર છેલજરાર આજે કયાં ઉજાગરો કરી આવ્યા છો ?

છેલજરાર—તમે કેમ જાણ્યું. મામા.

રાજા મૃગમારીચી—તમારી આંખ્યો લાલચોળ જેવી દેખાય છે તેથી.

છેલજરાર—મયાતા મામીની મેડીયે.

રમ્યા ચોપાટ આખી રાતજો.
તેથી ઉજાગરો આંખમાં,
વળી દેખાય રાતીચોળ જો.

કેબાસીંહ—મામા શરમ નથી આવતી,
પુછતાં કચેરી મોઝાર જો,
અડધી રાતે તમને ઉઠાડીને,
વાત કરી જાહેર જો.
બંધુ જુઠું બોલે નહી,
તે જાણો છો આપજો;
છતાં ઇજત ગુમાવવવા,
સભા મધ્યે પુછો વાતજો,

દરબારી કામ પુરૂં થયે કચેરી બરખાસ્ત થઇ છેલ પોતાના મહેલે આવ્યા જમીને પોતાની એકાંત જગ્યાએ આવી એક કરન્ડીયો મંગાવ્યો અને માલણને બોલાવવા મોકલી, માલણ આવી માલણ

સાથે સંકેત કર્યો પછી દાસી બીખલીને કહ્યું, હવે તું તારી બાઇ પાસે જા, પણ તારી બાઇને તું કેવી રીતે સમજાવીશ.

બીખીદાસી—શુરવીર બંધુ મારા તરફની તમારે ફીકર રાખવી નહી તમે તમારૂં કામ સુધારો એમ કહી દાસી કસ્તુરાં પાસે આવી.

કસ્તુરાં—અરે દાસી તું આખી રાત અને અત્યાર સુધી ક્યાં રહી સ્વામીનાથ હમણાંજ ગયા.

બીખીદાસી—બાઇ અહીંથી હું મુમનાના મહેલે બારેબાર ગઇ, પણ મને ત્યાં આગળ રાખેલા ચોકીદારોએ પકડી કેદ કરી હતી, તે ભુખીને તરસી અત્યારે ઠેબાસીંહે મને છોડાવી.

આંધળો કે દેખતો ફુલના કંડીયામાં છેલ.

છેલ પોતે કરંડીઆમાં બેસી ઉપર ફુલ ભર્યાં માલણે કરન્ડીયો માથે લઇ મુમનાની મેડીએ ગઇ ચોકીદારોએ માલણ જાણી જવા દીધી. પણ છેલી ચોકીમાં આંધળો ચોકીદાર હતો. તેણે માલણને ટોકી માલણે કહ્યું ફુલનો કરન્ડીયો લઇને જાઉં છું ત્યારે આંધળો બોલ્યો ફુલના કરન્ડીયાથી તારો પગ આટલો બારે પડે નહી માટે કરન્ડીઓ ઉતારી મને બતાવ છેલે પાંચ સોનામહોરો માલણને આપી માલણે આંધળા ચોકીદારને આપી મેડીએ ગઇ કરન્ડીઓ ઉતારી માલણ પાછી વળી. બે ઘડી વાતોચીતો કરી કહેલાં દુધ પીને સોગટાં બાજી માંડી ઠેબાસીંહ રોન મારવા આવ્યા તો મહોલમાં જોયું તો બરાબર સોગટાની બહાર ઉઠી રહી છે, આ જોઇ ઠેબો મામાના મહેલે આવી મામાને કહે છે·—

જાગ જાગ મામા માહરા,
મામી સાથે રમે છેલજરાર જો,
રંગ જામ્યો અતિ ઘણો;
ત્યાં જા લઇ તરવાર જો.

મામા અગમારીચી—સાંભળ્યું ભાણેજ માહરા,
જાહેર કરી તેં વાત જો;
ગાત્ર મારાં શીથીલ થયાં,
તેથી કેમ ચાલે મારા હાથ જો.
જેવી મરજી આપની,
જાહેર કર્યું મેં આજ જો;
ફરજ બજાવી માહરી,
હું જાઉં છું સુવા કાજ જો;

છેલજરાર પરોઢીએ ચાલણુ આવી તેજ કરન્ડીયામાં બેસી પોતાના મકાને ઉતરી ટાઇમસર સોળસે સામંત સાથે દરબારમાં આવી મામાને ત્રણ સલામો ભરી પોતાની જગ્યા પર બેઠો.

રાજા અગમારીચી—શુરવીર ભાણા જરારીયા,
તારી દેખાય આંખો રાતી જો.
ઉજાગરો તમે કર્યો કયાં,
કયાં મોજ ઉડાવી રાત જો.
ઉજાગરો કર્યો આજ જો,
હતો મામીની મેડીએ.
ચોપાટ રમવા કાજ જો.

દીવાન—શુરવીર છેલજરારજી,
તમને ચોપાટ રમવાનું બહુ મન જો;

દરરોજ મામીની મેઢીયે;
જાઓ છો કરવા આનંદજો.
છેલજશાર—મામી તણો આગ્રહ ઘણો
વળી રમવાના બહુ કોડજો
તેથી મ્હારે જાવું પડે.
કરવા ઉજાગરો રોજજો.

જીવના જોખમે મુમનાનો મહેલ.

છેલજશાર રોજના ટાઇમે મુમનાના મહેલ તરફ નીકળ્યો મહેલની આંજુબાજુ ફરતાં એક વડનુ ઝાડ હતું તેનું ડાળું મહેલના જરૂખા આગળ નમેલું હતું ને તેની મુળી ચાર હાથના છેટે હતી. છેલ પોતે વડ ઉપર ચઢી ડાળે આવી ડાળાને ખુબ હલાવી મુળી ઝાલીને લટકયો પણ એક હાથનુ છેટુ રહ્યું. છેલ ઝરૂખે બાજવા હીલોળા ખાય છે પણ નજર પહોંચતી નથી, એવામાં ઠેબાસીંહ આવી પહોંચ્યો મહેલમાં જોયું તો કંઇ ગડબડ માલમ પડી નહીં એ મહેલ ફરતાં ફરવા માંડયું તો ભાઇને વડને ડાળે લટકતો જોઇને વીચાર કર્યો કે ડાળું ભાગ્યું અગર મુળી તુટી તો આજે ભાઇ હતા નહોતા થઇ જવાના માટે જોઉ તો ખરો કે કેવી રીતે મેડીએ જાય છે અગર પડે તો ઝીલી લઉ એમ ધારી ઠેબો ઉભો ઉભો જોયા કરે છે પણ છેલનો કાંઇ દાવ ફાવતો નથી એમ ધારી ઠેબાએ એક કાંકરો ફેંકયો તે ઝરૂખાની બારીએ વાગ્યો-મુમનાએ બારી ઉઘાડીને જોયું તો છેલને લટકતા જોઇને કહ્યું.

બહાદુર સ્વામી માહરા;
મરણુ એકજ વારજો.

છલંગ મારો આ તરફ,
ઝીલી લઉ કરમોઝારજો

મુમનાને જોઇને છેલને શુર ચહડ્યું એકદમ છલંગ મારી ઝરૂખે આવ્યો તરત મુમનાએ કાંડુ પકડી લીધું છેલ મહેલમાં ગયો.

ઠેબાસીહે પોતાના મામાને ખબર આપી ને સુવા ગયો છેલ હમેશના રીવાજ પ્રમાણે મુમનાના મહેલેથી નીકળી પોતાના મહેલે આવી સોળસે સામંતો સહીત દરબારમાં દાખલ થયા છે તેવોજ રાજા મૃગમારીચીએ સામંતોને હુકમ કર્યો છેલજરારને પકડી કેદ કરો ! સોળસે સામંતો નીચુ જોઇ રહયા પણ છેલને પકડવા કોઇ આગળ ધસ્યો નહી એટલે છેલજરારે કહ્યું.

ધીક ધીક તમારી જાતને.
તમે થયા નીમકહરામ જો
જલ્દી પકડો મુજને,
કેમ હુકમનું કરો અપમાનજો.
આજ્ઞા મૃગમારીચી રાયની.
કેમ સોંપી આવારજો
શું જણ્યા તમારી માયે
એ જણતરને ધીકારજો
જનની જણને ભકતજન
કાં દાતા કાં સુર
નહીતર રહેજે વાંઝણી
મત ગુમાવે નુર

આજ સુધી જાગીરો પગાર ખાધા તેનુ આજે તમે હરામ કર્યું ધીક્કાર છે તમારા ક્ષત્રીયપણાને.

ઠેબાસીંહ—ધીક મામા તમ રાજને,
થયું હુકમનું અપમાન જો,
સોળસે સામંતો સુધાં.
થયા નીમકહરામ જો,
પકડુ પલમાં છેલને,
એમાં કઠણુ શું કામ જો,
વડીલ બંધુ માહરો;
તેથી ધરૂં નહી હામ જો,

મૃગમારીચી તેજ વખતે અંતઃપુરમાં ચાલ્યા ગયા, છેલ પોતાનું કામકાજ કરી પોતાના મહેલે આવ્યા જમી એકાંત બેસી વીચાર કરવા માંડયો, રાણી કસ્તુરાથી તો હું બચ્યો છું પણ મામાને હાથે મોત થશે માટે આજે બરાબર સજીને મુમનાની મેડીએ જવું એવો વીચાર કરી પોતે બખ્તર પેરી લીધું ને એક બખતર મુમના માટે લઇને મુમનાની મેડીએ જઇને મુમનાને કહ્યું આજે આપણે ચોપાટ રમવી નથી.

મુમના—કેમ સ્વામીનાથ.

છેલજરાર—આજે મામા આવશે અને ચોકસ આપણી ઉપર ઘા કરશે પણ આપણાથી ઘા થશે નહી માટે તમે આ બખતર પેરી લ્યો તરત મુમનાએ બખતર પેરી લીધું બંને જણ હીંડોળા ખાટ ઉપર બેસી હીંચકા ખાવા માંડયા. ઠેબાસીંહ રોન દેવા આવ્યા તો હીંચકાનો અવાજ સાંભળ્યો એટલે જાણ્યું આજે બાઇ ભાઇ રમતા નથી પણ હીંચકા ખાય છે પોતે મામાને આવી જાહેર કર્યું એટલે મૃગમારીચી રાજા એકદમ ઉઠી કપડાં પહેરવા માંડયા અને શણગાર સજે છે.

ઠેઓ—સાંભળો મામા અગમારીચી,
તમે પહેરો કેમ અલંકાર જો;
નથી જવું ત્યાં પરણુવા;
ત્યાં જોસો ઢાલ તલવાર જો,
હથીયાર બાંધો શોભતાં.
સાથે રાખો જમીયો કટાર જો;
પીસતોલું લ્યો સંગમાં,
ભરી સાથે ચાર જો.
હીમત રાખો મનમાં,
ડરશો નહી લગાર જો,
હું આવું છું સંગમાં,
પણ ઘા મુજથી નવ થાય જો.

ઠેબો મામાને શણુગારી શુર ચઢાવી તૈયાર કરી મુમનાની મેડીયે લઇ ગયો, બન્ને મેડી ઉપર ગયા તો સામે હીંડોળા ખાટ પર છેલજરાર ને મુમના હીંચકા ખાય છે. આ જોઇ ઠેબો મામાને કહે છે.

જુવો મામા માહરા,
કેવું જોડું શોભે આ વાર જો;
એક ભાભી મારી મુમના,
બીજો બંધુ છેલજરાર જો.
હીંડોળા સામી નજર કરી.
બેઠાં બન્ને જોડાજોડ જો,
હીંમત હોએ તમમાં,
તો કરો પુરા કોડ જો,

રાખી પીસતોલ શા કામની,
જોતાં ઝેર ન થાય જો,
ક્ષત્રીપણુ તમ કયાં ગયું,
વાપરોને હથીયાર જો;

હે મામા તમારી પરણેલી સ્રીને તમારો ભાણેજ પડખે લઇ હીંડોળા ઉપર બેઠો છે છતાં તમે શું જોઇ રહ્યા છો ! ઠેબાનું કહેવું સાંભળી મ્રગમારીચી રાજાએ પીસ્તોલનો બહાર કર્યો છેલજરારે ગોળી ઝીલી લીધી.

ઠેબારીંહ—બસ મામા ઘણું થયું.

ખાલી ગયો તમારો ધાયજો;
ગોલી ઝીલી સાથમાં,
મુજ બંધુ છેલજરાર જો.

તરત મ્રગમારીચીએ બીજો ધા કર્યો તે મુમનાએ ગોળી ઝીલી લીધી એટલે ઠેબો બોલ્યો.

હદ થઇ મામા હવે,
મુકો મુમનાની આશ જો;
ગોળી ઝીલી મુજ ભાભીએ,
ધા તમ ખાલી જાય જો.

હે મામા હવે દરબારમાં ચાલો નહીં તો વખતે મરણ થશે કારણકે તમારા બે ધા ખાલી ગયા. મૃગમારીચી રાજા પણ બેશુદ્ધ જેવો થઇ ગયો એટલે ઠેબાએ કાંડુ ઝાલી નીસરણી ઉતારી દરબારગઢમાં લઇ જઇ મામીને કહ્યું,

મુજ મામે મહેનત કરી.
લડાઇ કીધી બહુ વાર જો;

ચાકરી કરે। તેમની,
કરે। ન ઢીલ લગારજો;
પંખાથી પવન નાંખો,
છાંટો ગુલાબ આવાર જો;
મરી જશે પલકમાં તો
રંડાશે દરબાર જો.

આ પ્રમાણે મ્રગમારીચીને દરબારગઢમાં મેલીને પોતાના મકાને જઇ સુઇ રહયો છેલજરાર નીયમસર મુમના પાસેથી રજા માગી પોતાના મહેલે આવ્યો. હંમેશના કરતાં દરબાર મ્રગમારીચીએ વહેલો ભર્યો અને દારૂનું એક પીપ મંગાવ્યું અને સો એક ગલાસ મંગાવ્યા પછી છેલજરારને તેડવા માટે સીપાઇ મોકલ્યો. સીપાઇએ છેલજરાર પાસે આવીને કહ્યું. મહારાજા ધીરાજાએ દરબાર ભર્યો છે માટે તમને બોલાવે છે. છેલે કહ્યું આવું છું. છેલે વીચાર કર્યો આજે બીન ટાઇમે દરબાર ભરી મને બોલાવ્યો માટે સલામત ભર્યું પાછું આવવું મુશ્કેલ છે. તેથી દરેકને મળીને જવું જોઇએ એમ ધારી પોતાની સ્ત્રી કસ્તુરાંને બોલાવીને કહ્યું હે પ્રીયા તારી ને મારી છેલ્લી મુલાકાત છે. ઘડીમાં શું થશે તેની ખબર નથી.

કસ્તુરાં—સ્વામીનાથ આપ શુરવીર થઇ આવા નીરાશા ભર્યા શબ્દો કેમ કાઢો છો ? એવો તમારા માથે દુશ્મન કોણ જાગ્યો છે.

છેલજરાર—વ્હાલી દુશમનને પહોંચી વળવા હું શકતી ધરાવું છું ! પણ પરમાત્મા પલમાં ચહાય શો કરે છે તેની કોઇને ખબર પડતી નથી માટે મને રજા આપો.

કસ્તુરાં પાસેથી ખસીને બ્હાર આવે છે ત્યાં દાસી ભીખી મળી તેને કહ્યું, બ્હેન ભીખી તેં મારી ત્હેનાત ઉઠાવી જે સેવા કરી છે

તેનો બદલો મારાથી આપી શકાયો નથી હું દીલગીર છું અને મારી મુલાકાત આ છેલ્લી છે કારણ કે મામાએ આજે કયા ટાઇમે દરબાર ભરી મને બોલાવ્યો છે તેનું પરીણામ માઠું આવશે, આ સાંભળી દાસી બીખી કહે છે.

બહાદુર બંધુ તમે શું બોલો છો.
કરનાર છે કીરતાર જો;
વીકટ કામ જો ત્યાં પડે તો,
હું છું લડવા તૈયાર જો,
ઉલ્લંઘન કરશો નહી આજ્ઞા,
મામા તણી કોઈ વાર જો;
ક્ષત્રી ટેક તજશો નહી,
સાચવજો આ વાર જો,
રક્ષણ કરશે આપનું,
જગ તારણ હારજો;
મેં ફરજ બજાવી માહરી,
તેમાં શું કરવો ઉપકાર જો,

હે બંધુ મેં તમારી સેવા કરી છે તે બદલો લેવા માટે નહી પણ મેં મારી ફરજ બજાવી છે અને હું પરમાત્માને અરજ કરૂં છું કે તમારી રક્ષા કરી સહાયતા આપે.

છેલ દાસી પાસેથી નીકળી પોતાની માતુશ્રી પાસે આવી બે હાથ જોડી પગે લાગી કહ્યું. માજી મારા છેલ્લા પ્રણામ છે પરમાત્મા તમારાં દર્શન કરાવશે ત્યારે કરીશ.

માતુશ્રી—પુત્ર માહરા તમે શું વદો,
કુળ દીપક છો આપજો;

કષ્ટ એવું શું આવ્યું,
તમે કરો મુજને વાત જો.

છેલજરાર—માજી મુજને ખબર નહી.
ગડબડ છે દરબાર જો;
પલમાં પ્રભુ ચાહાય સો કરે,
રાખણુહાર કીરતાર જો.

છેલજરાર દરેકની મુલાકાત લઇ દરબારમાં ગયા મામાને ત્રણુ સલામ ભરી પોતાની બેઠક ઉપર બેસવા જાય છે તેવોજ મામા મ્રગમારીચીએ દારૂનો પ્યાલો ભર્યો છેલજરારને કહ્યું ભાણા લે.

છેલજરાર—મામા મારી આટલી ઉમર થઇ તેમાં મેં તેનો સ્પર્શ કર્યો નથી તો પીવાની વાત બાજુ ઉપર રહી.

રાજા મૃગમારીચી—મારા હુકમનું અપમાન.

તરત છેલજરારે પ્યાલો હાથમાં લઇ પી ગયો અને તરત દીવાને ધર્યો ને મૃગમારીચીએ હુકમ કર્યો આવી રીતે એક પછી એક દારૂના પ્યાલા ધરતા ગયા. રાજા મૃગમારીચી હુકમ કરતા ગયા તેમ છેલ પીતા ગયા, જ્યારે હદ ઉપરાંત દારૂ પીવાણો એટલે છેલ બેશુદ્ધ થઇ ભોંયપર પડયો નાના ભાઇ ઠેબાસીંહની આંખ ફાટી લોહી ઉકળ્યું એકદમ ઉભો થઇ રાજા મૃગમારીચીને કહ્યું હે મામા સીંહને કપટ થી કબજે કર્યો. આવો વીચાર એક રાંડીરાંડ ન કરે! તે તમે કર્યો તો તમારી બુદ્ધિને ધીક્કાર છે. આ ઘડી વડીલ બંધુ આજ્ઞા આપે તો બતાવી આપું કે સીંહને કેમ સપડાવાય છે.

ઠેબાનું બોલવું સાંભળી છેલ બેશુદ્ધ છે છતાં ઠેબાસીંહને કહ્યું ભાઇ મામા સામે હાથ ઉગામાય નહી અને ઉગામીએ તો હુકમનો અનાદર કર્યો કહેવાય અને આપણા ક્ષત્રીવટને એબ લાગે આવી

રીતે લથડતા અવાજે ઠેબા છે અટકાવ્યો. અગમારીચીએ છેલને ખાટલા માં નખાવી હુકમ કર્યો કે પાદરમાં લઇ જઇ ગરદન મારો, આ વાત આખા નગરમાં પવન વેગે પહોંચી વળી નગરજનોમાં હાહાકાર વરતી રહયા સૌ જન અગમારીચીને ધીક્કારવા લાગ્યા.

ખાટલો ઉપડાવ્યો ઠેબો ખાટલા પાછળ ચાલે છે, તેવામાં માતુશ્રીનું મકાન આવ્યું ઠેબાએ ખાટલો ઉતરાવી માતુશ્રીને બોલાવ્યા, છેલજરારની સ્થીતી જોઇ પોતાના ભાઇ અગમારીચીને કહ્યું. આને તારૂં શું નુકસાન કર્યું છે ? કે તું ગરદન મારવા લઇ જાય છે.

અગમારીચી—બ્હેન ભાણુએ મારૂં કાંઇ નુકશાન કર્યું નથી પણ મને કલેજાનો એવો આઘાત પહોંચાડયો છે તે મારી રગોરગમાં સાલે છે તે મટાડવા માટે હું ગરદન મરાવું છું.

છેલની મા—પ્રથમ અહીં મને મારીને પછી એને ગરદન માર,

અગમારીચી—બ્હેન ખરી ક્ષત્રાણીયોને રાજખટપટમાં પડવાની જરૂર નથી કારણ કે દીકરો બાપને મારે અને બાપ દીકરાને મારે.

તરત ખાટલો ઉપડાવ્યો એવામાં દાસી ભીખીને ખબર પડી એટલે એકદમ મહેલમાંથી તરવાર લઇ જેમ બકરાંના ટોળામા સીંહ કુદી પડે તેવી રીતે એકદમ હજારો માણસની મેદનીમાં પડી ખાટલા આગળ આવી બોલી હે બંધુ છેલજરાર મને આજ્ઞા આપ. રાજા અગમારીચી અને બીજા તમામને અહીં પુરા કરૂં. ભીખીનો સાદ સાંભળી છેલજરારે કહ્યું બ્હેન ! ભીખી શાન્ત થા ! શાન્ત થા ! તેવું કરવાની જરૂર નથી આપણા કુળને એબ લાગે.

લખ્યું હશે જે ભવિષ્યમાં,
થવાનું હોય તે થાય જો;
જીવ ગયે આજ્ઞા લોપું નહી,

ભલે મરણુ મારૂં થાય જો.

ખાટલો ગામની પાદરે આવ્યો નીચે ઉતાર્યો.

મ્રગમારીચી—છેલજરાર પ્રભુ પ્રાર્થના કરી લે હવે તારો કાળ આવી પહોંચ્યો છે.

ઠેઓ ત્યાંશી ખસી મુમના આવી મુમનાને કહ્યું.

સાંભળ ભાભી મુમના,
શું બેઠી મહેલ મોઝાર જો;
ઝરૂખે આવી નજર કરો,
ભુરા હાલે મરે છેલજરાર જો.

મુમના તરત મેડીયેથી નીચે ઉતરી ખાટલા પાસે આવે છે તે પહેલાં છેલજરારને યમદ્વાર પહોંચાડી દીધો મુમનાને સુર ચઢયું મુખમાં અગ્નિ વરસવા લાગ્યો, ખાટલા આગળથી તમામ માણુસો ખસી ગયા મુમનાએ સુર્ય નારાયણુની સ્તુતી કરી શબને ખોળામાં લઇ બેઠી ને અગ્નિ પ્રગટયો જોત જોતામાં બન્ને બળી ખાખ થઇ ગયા. ઠેઓ મામા મૃગમારીચીને કહે છે. હે મામા જે માટે તેં છેલજરારને માર્યો તે તેની સાથે બળીને સતી થઇ તો તું તેની સાથે બળી સતો થા ફ્રટ ભુંડા તારા ક્ષત્રીપણુાને ધીક્કાર છે.

(છેલજરારના મરણુથી તેની સ્ત્રી કસ્તુરા અને રાજા મૃગમારીચી ફ્કત બે જણુ ખુશી હતા.)

તે સીવાય આખા નગરમાં સાંજના કોઇએ વાળુ કર્યાં નહી શોકકળ થઇ રહી. દેવમંદીરોમાં દીવા આરતી પણુ થઇ નહી. જે જગાએ છેલજરાર અને મુમના બળી ખાખ થયા તેના સામે શંકરનું દેવળ હતું, તેમાં પારવતીએ શંકરને કહ્યું હે ? ભોળા શંભુ ! રાજાએ જુલમ કર્યો. સત્યવાદી અને શુરા ક્ષત્રી કે તમે બાર વરસનું તપ

બીલડીના મોહમા ત્યાગ કર્યું. અને આ હમેશાં સોગટાં બાજી એકાંતમાં ખેલતા છતાં પોતાનો ટેક સાચવ્યો અને સ્ત્રી પણ તેની પાછળ સતી થઈ માટે આશાભર્યું જોડું બળી ભસ્મ થયું અને આખા નગ્રમાં અત્યારે અન્ન જળનો ત્યાગ કલ્પાંત કરી રહ્યું છે માટે આપ મંત્રના બળથી જોડુ સજીવન કરો એટલી મારી વીનતી છે.

શંકર—પ્રિયા તમારી એમને સજીવન કરવાની હોય તો તમે જઇ તેમની રાખની બે ઢગલીઓ કરો હું આવી તેમને સજીવન કરૂં છું.

પારવતીજી શંકર પાસેથી ઉઠી ત્યાં આવી બે ઢગલીઓ કરી શંકરે મંત્ર ભણી પાણી છાંટયું બન્ને સજીવન થયા. શંકર પારવતી અદ્રશ્ય થયાં છેલજરાર અને મુમના બન્ને નગ્ન વેષે નગરમાં દાખલ થયાં.

બીખી દાસી છેલજરારનો વીયોગ સહન ન થવાથી તેજ જગાએ આપઘાત કરવો એ ઇરાદાથી હાથમાં તરવાર લઇ તે જાય છે અડધે ગઇ ત્યાં તો સામે નગ્નરૂપે છેલજરાર અને મુમનાને જોઇ ઉભી રહી વિચાર કર્યો બન્ને અવગતીયા થયા લાગે છે (લોકો કહે છે જે માણસો આપઘાત કરી અને અચાનકથી મરણ પામે તે માણસો અવગતીયા થાય છે તે વાત આજે મારા જોવામાં આવી) પોતે ગભરાણી એક ડગલુ આગળ વધી શકી નહી અને શરીર કંપવાં લાગ્યું નગ્ન જોડું નજીક આવ્યું એટલે બીખી બોલી, કોણ બંધુ છેલજરાર ! હા બ્હેન બીખી, અમે નગ્ન છીએ માટે પહેરવાનું આપો. બીખી તલવાર નીચે મુકી બે હાથ જોડી કહે બંધુ અહીં ઉભા રહો, હું માતુશ્રીના મકાનેથી વસ્ત્ર લાવું એમ કહી તરત છેલજરારની માનું મકાન પાસે હતું તે ઉઘડાવી વધામણી આપી.

કપડાં લાવી પહેરાવી માતુશ્રીના મકાને લાવી છેલ માતુશ્રીને પગે લાગ્યો માતુશ્રી ભેટી પડી હર્ષના આંસુ આવ્યા.

ઠેબાસીંહ રોન મારવા નીકળ્યા છે અને પોતે એવો વીચાર કર્યો છે કે દી ઉગતા ભાઇનુ ચ્હેરૂ જરૂર લેવુ આવા વીચારમાં ઉદાસી ચહેરે માતુશ્રીના મકાન આગળ આવ્યાં ત્યાં ગડબડ સાંભળી સાદ પાડયો ભીખીએ આવી મકાન ઉઘાડી છેલજરારની વધામણી આપી ઠેબો હાથ જોડી બોલ્યો બંધું માયાવી કે ખરૂ સ્વરૂપ ? છેલજરારે બનેલી હકીકત કહી સંભળાવી ઠેબાએ કહ્યું ભાઇ તમો તથા માતુશ્રી એકાંત મહેલે જાઓ અને હુ લગ્નની તમામ ગોઠવણુ કરૂં છું બ્રાહ્મણ હસ્તક લગ્ન વીધીથી સતી સુમનાનુ પાણી ગ્રહણ કરો એવી મારી મરજી છે.

છેલજરાર—ભલે તમારી મરજી છે તો હુ ના કહેતો નથી પણ એક દીવસમાં તમામ સામગ્રી ભેળી થઇ શકશે નહી,

ઠેબાસીંહ—હે બંધુ એક દીવસમાં નહી પણ એક કલાકમાં તમામ ગોઠવણુ કરીશ એમ કહી ત્યાંથી નીકળી દરેક માણુસોને મળી ત્યાં આગળ જે જે ગોઠવણુ કરવાની થતી તેનો બંદોબસ્ત કર્યો. આખા નગરમાં ડાંડી પીટાવી નગરજનો છેલજરાર અને સતિ સુમનાના દર્શન કરવા ટોળેટોળાં આવવા લાગ્યાં. ઠેબો મામાને મહેલે જઇ મામાને કહ્યું હે બુઢા મામા મારા ભાઇ છેલજરાર પરણે છે માટે મોસાળુ લઇને પધારો.

રાજા અગમારીચી—હજુ તારી મશ્કરી અને વાચાળ શક્તિ ન ગઇ,

ઠેબાસીંહ—મામા મારો ભાઇ છેલજરાર અને સતિ સુમનાને શંકર પારવતીએ સજીવન કર્યાં છે એકાંત મહેલમાં લગન થાય છે.

છું જુઠું બોલતો નથી નહી આવો તો પસ્તાશો (સજીવન થયાં તે હકીકત કહી સંભળાવી.)

ઠેઓ ત્યાંથી વીદાય થયો અહીં તમામ સામગ્રી તૈયાર થઈ ગઇ ગોર મહારાજ આવ્યા સારા સારા ગ્રહસ્થો ભેગા થયા. મગમારીચી રાજા મોસાળુ લઇને આવ્યા. જોશીએ હસ્ત મેળાપ કરાવી માંય-રામાં બેસાડયા.

કસ્તુરાંનુ ખુન.

પતિને મારવા જતાં પોતાનું ખુન

અરેરે દાસી ગઇ, નાની બ્હેન વેરણ થઇ, મારી કપટ ક્રિયા હવે ઉઘાડી પાડશે. શંકર પારવતીને મારી દયા આવે ખેર વીચાર કરતાં પરણી ઉતરશે. પોતે પુરૂષનો પોશાક પહેરી અરબી ઘોડા ઉપર સ્વાર થઇ કમરે તલવાર લટકાવી છુપા વેષે છેલજરાર પરણે છે ત્યાં આવી પહોંચી (વાંચનાર ગૃહસ્થો વીચાર કરો, એક શુરવીર માણસની આવી હીંમત ચાલે નહી તેવી હિંમત આ કસ્તુરાંએ કરી, છેલજરાર અને સતિ મુમનાના હસ્ત મેળાપમાં હજારો માણસોની મેદનીમાં, છેલ-જરારનું માથું કાપવા આવી છે, ઘોડાએ ખુંખારો કર્યો ભીખી દાસીયે પાછું વળી જોયું તરત ઓળખા ઠેબાને કહ્યું ઠેબાભાઇ આ મેમાન ઘોડાપર ચઢીને આવ્યો છે તેમને એકાંતમાં લઇ જઇ ઉતારો આપો આ મેમાનથી બંધુ છેલજરારને દુખ ઘણું ભોગવવું પડયું છે, માટે અહિંથી લઈ જાઓ નહી તો કંઇક વિઘન કરશે ઠેબો તરત સભા-માંથી ઉઠી ઘોડાની લગામ ઝાલી ઉભો રાખ્યો કસ્તુરાં નીચે ઉતરી

ઘાડાને બાંધ્યો પછી ઠેબાએ પુછ્યું આપ ક્યાંકે રહેને વાલેહો ? ઔર આપકા નામક.

મેમાન– મેં દીલ્હીકા રહેને વાલા હું મેરા નામ કસ્તુરમલ હૈ.

ઠેબાસીંહ—ઇધર આનેકા સબબ ?

મેમાન—છેલજરારકી સાદી હોતી હે સો દેખને કે વાસ્તે આયા હું.

ઠેબાસીંહ—આપકી બોલીમેં મેરેકુ ભેદ માલુમ પડતા હે.

મેમાન—ભેદ રખનેકી જરૂર નહિ હે આપકી મરજી હોવે તો હમ ચલા જાવે.

ઠેબાસીંહે તરત કાંડું કાપીને કહ્યું આપ મરદ નહિ. સચ બોલો એસા કપટ કરકે ઇધર આનેકી કયા જરૂર હે ?

મેમાન—મેં કસમ ખાકે કહેતા હું ઝટ ઝુટ બોલનેકી જરૂર નહી હે મગર આપકુ વ્હેમ લગતા હો તો તપાસ કરલો.

ઠેબાને વધારે શક પડતો ગયો તેમ કસ્તુરાં ગભરાતી ગઇ તરત ઠેબાએ માથાની પાઘડી ઉપાડી તો પાંથી પાડેલી સેથો પુરેલો વાળનો અંબોડો ગુંથેલો અને ફકત ઠેબાએ એકજ વખત જોયેલી છતાં એકદમ બોલી ઉઠયો કોણ ? ભાભી કસ્તુરાં વાહ સુર્યસીંહની કુંવરી તમને ધન્ય છે ! વેષ બરોબર ભજવ્યો દેખાય છે. મુમનાનું લાકડે માકડું વળગાડનાર તમેજ હશો એમ ખાત્રી થાય છે. તુંજ મારા બંધુને કષ્ટમાં નાંખી અંત લાવી હતી. હે કુલટા કસ્તુરા હવે પરમાત્માનું સ્મરણ કરી લે મારા હાથે ત્હારૂં મોત લખેલું છે.

કસ્તુરાં—દીયરજી તમારા બંધુને આઠેક દીવસથી મેં જોયા નહોતા ને ત્યારપછી મરણની વાત સાંભળી અને પાછા સજીવન થયાં એટલે તેમના મુખારવીંદનાં દર્શન કરવાની ઉત્કંઠાથી આ પુરૂષ

વેશ લેવો પડયો છે, તમે જે હકીકતો કહી તેમાંનું કાંઇપણ મેં કર્યું નથી છતાં તમો આરોપ મુકી શા માટે સ્ત્રીહત્યા લ્યો છો.

ઠેબાસીંહ— વાહ! મારા ઉપર પ્રિતી ધરાવનાર તમને મેં જોઇ લીધાં રાજરીત પ્રમાણે દાસી સાથે આવતાં તમને શરમ આવતી હશે માટેજ તમે પુરૂષના વેશમાં આવ્યા હશો. શાબાશ છે તમને અને તમારા ક્ષત્રીવટને! તમારી કપટજાળ મારી સામે પાથરી શકાશે નહિ ને તમારા જેવી દુરાચરણીને તો આ શકિતથી પૃથ્વી ઉપરનો ભાર ઓછો કરવામાંજ હું સત્ય માનું છું, તરત તરવારથી માથું ઉડાવી દીધું ને ત્યાં ખાડો ખોદી જમીનમાં દાટી લગન મંડપમાં આવ્યો.

દાસી ભીખી—ભાઇરે ઠેબા મારા સાંભળો.
તમે શું કરી આવ્યા કામજો,
મ્હેમાનનો ઉતારો કયાં કર્યો,
રાખજો બરોબર ધ્યાનજો.

ઠેબાસિંહ—છાની રહે દાસી ભીખલી.
કરતી હરતી હોય તે કરને કામજો,
આવ્યા મુસાફર આ સમે,
તેમને ઉતાર્યો જમપુરી માયજો.

દાસી ભીખી—અઘટીત કામ તમે કર્યું,
ન કર્યો કાંઇ વીચારજો;
ક્ષત્રી તમે આ સમે,
કેમ લીધી સ્ત્રી હત્યાયજો.

છેલજરાર—શાબાશ ભાઇ તમે સારૂ કર્યું.
મને થયો હર્ષ અપારજો;

વચન બંધન થયો હતો,
તેથી બન્યો લાચારજો.
બીખી નહોતી માનતી,
ન આપ્યું પાછું વચનજો;
તેથી ફાવી અતી ધણી,
કાઢવા મારૂં નીકંદન જો.
શાબાશ બંધુ તુજને,
તુજ ઉપર કર્યો ઉપકારજો,
શું ઇનામ દઉં તુજને.
તે ઉતમ કર્મો વીચારજો,

બ્હેન બીબી અત્યાર સુધી તું હર્ષમાં હતી અને એકાંએક ઉદાસી કેમ બની અને શા વીચારમાં પડી છું. ?

બીખી—ભાઇ મને અતિ હર્ષ છે.

નથી કાય વીચારજો,
સોબતમાં બાઇ માહરી,
ગઇ કસ્તુરાં નારજો.
હતી પાપી તે ધણી,
કુડાં કૃત્ય કરનાર જો.
તેથી દીલગીરી મુજને,
મુજને સાથે રહેનારજો,

છેલજરાર-શાબાશ બીખી તુજને.
ઉતમ તારા વીચાર જો,
હલકી જાત છે તાહરી,
પણ ખાનદાનીનો નહિ પાર જો.

છેલજરાર અને સતિ મુમના પરણી ઉઠયા પ્રજાજનોએ હર્ષ

ધ્વનીથી વધાવી લીધા મામા મામીને પગે લાગી આશીશ માગી.

જોડું સાથે—અમે બાળક આપના.

સતી મુમના છેલજરાર જો,
આશિશ આપો રદયથી,
સુખી રાખે કીરતાર જો.
હજુ સુધી ભુલ્યાં નથી,
કદાચ ભુલ્યા અમે જો,
માફી આપો આ સમે,
રહીયે કુશળ ક્ષેમ જો,

ભાટ બ્રાહ્મણો ગરીબ ગરબાને છેલે દાન આપી સર્વ ખુશી કર્યાં

છેલજરારે કાગળ લખી પોતાના સાસરે કીલ્લેગઢ સાઢણી સાથે ખેપીઓ મોકલ્યો.

રાજા મૃગમારીચીએ બીજે દીવસે મોટો દરબાર ભર્યો તેમાં છેલજરાર નીયમ પ્રમાણે સોળહજાર સામંત સહિત આવી ત્રણ સલામો ભરી પોતાની જગાએ બેઠો. રાજા મૃગમારીચીએ વરખાશન ખાનાર જોષીઓને ઉભાં કરીને પુછયું અને ભાણેજને માર્યાનું પ્રાયચીત લાગ્યું છે તે કેવી રીતે નિવારણ થાય તે તમે શાસ્ત્ર તપાસીને કહો.

